Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year: 7, Issue: 162 Dt.19-04-2022 (Tuesday)

સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001

# 'હું તમારો કર્જદાર છું, તમારો ઋણી છું': વડાપ્રધાન વતનમાં ભાવવિભોર

## બનાસકાંઠાનાં દિયોદરમાં બનાસ ડેરીનાં નવા પ્લાન્ટ અને સંકુલ સહિતનાં વિકાસ કામોનું લોકાર્પણ કરતા મોદી; બનાસકાંઠામાં વિકાસનાં કામનું એકસાથે લોકાર્પણ એ પારંપરિક તાકાતનું ઉદાહરણ







**બે લાખ જેટલી મહિલા પશુ ઉત્પાદકોને પ્રેરક સંબોધન, બનાસ ડેરીની સફળતા એ આ પંથકની માતાઓ અને દીકરીઓની તપસ્યાનું પરિણામઃ એમને મારા નમન**

**બનાસ ડેરીનાં રૂ.૬૦૦ કરોડનાં નવા સંકુલ, પોટેટો પ્રોસેસિંગ અને પ્રોડક્ટ યુનિટ, દૂધવાણી કોમ્યુનીટી રેડિયો સ્ટેશનનું લોકાર્પણ, ચાર ગોબરગેસ પ્લાન્ટનું ઈ-ખાતમુહૂર્ત**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

વતનની યાત્રાનાં આજે બીજા દિવસે બનાસકાંઠામાં રૂ.૬૦૦ કરોડથી વધુનાં નવા ડેરી સંકુલ, રેડિયો સ્ટેશન અને પ્રોસેસિંગ યુનિટ સહિતનાં સંખ્યાબંધ પ્રોજેક્ટનું લોકાર્પણ અને શિલાન્યાસ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમના ભાવવિભોર પ્રવચનમાં જણાવ્યું હતું કે, હું ગુજરાતનો કર્જદાર છું અને ગુજરાતનો ઋણી છું. તેમણે વારાણસીનાં પશુપાલકોની સેવા ગુજરાતની ધરતીથી કરવા બદલ આભાર માનતા જણાવ્યું હતું કે, કાશીનાં સાંસદ તરીકે હું આપનો કર્જદાર છું.

બનાસકાંઠાનાં દિયોદર પાસે બનાસ ડેરીનાં નવા પ્લાન્ટ સહિતનાં પ્રોજેક્ટનું વડાપ્રધાનનાં હસ્તે લોકાર્પણ થયું હતું. અંદાજે રૂ.૬૦૦ કરોડનાં ખર્ચે દિયોદર નજીક સણાદર ખાતે નિર્માણ પામેલા નવા બનાસ ડેરી સંકુલ, પોટેટો પ્રોસેસિંગ અને પ્રોડક્ટ યુનિટ તેમજ દૂધવાણી કોમ્યુનીટી રેડિયો સ્ટેશનનું વડાપ્રધાને લોકાર્પણ કર્યું હતું.

તેમણે લોકાર્પણ કર્યા બાદ મોટી સંખ્યામાં ઉપસ્થિત મહિલા પશુપાલકોને સંબોધન કર્યું હતું અને જણાવ્યું હતું કે, બનાસ ડેરીએ સોમનાથની ધરતીથી જગન્નાથની ધરતી સુધી પહોંચીને શ્વેતક્રાંતીની ગાથાનું સર્જન કર્યું છે. બનાસ ડેરીએ નાના ખેડૂતોની મોટી ચિંતા કરી છે. આજે કાંકરેજની ગાય, મહેસાણી ભેંસ અને બટેટાથી ખેડૂતોનાં નશીબ બદલાઈ ગયા છે. વારાણસીમાં બનાસ ડેરીનાં પ્લાન્ટનાં શિલાન્યાસ માટે તેમણે બનાસ ડેરીનો હૃદયથી આભાર માન્યો હતો.

વડાપ્રધાને જણાવ્યું હતું કે, બનાસ ડેરીની સફળતા માટે માતાઓ અને દીકરીઓની તપસ્યા યશભાગી છે. અહીંની બહેનો લગ્નપ્રસંગ છોડીને પણ પશુઓની કાળજી નહીં ભૂલે. બીજા નમન એ બહેનોને જે સંતાનોથી વધારે પશુઓને સાચવે છે.

વડાપ્રધાને પ્રવચનની શરૂઆત હિન્દીમાં કરી હતી. બાદમાં ગુજરાતીમાં બોલવાનું શરૂ કર્યું હતું. નમસ્તે તમે બધા મજામાં એવું કહીને વડાપ્રધાને જણાવ્યું હતું કે, માં નડેશ્વરી અને માં અંબાની પાવન ધરતીને શત શત નમન કરું છું. તેમણે જણાવ્યું હતું કે, આજે બનાસ ડેરીનું સપનું જોનાર ગલબાકાકા યાદ આવે છે. એ યાદ આવતા જ શીશ ઝુકી જાય છે. ગલબાકાકાનાં નામ પર બનાસ ડેરીએ મેડીકલ

(અનુ.પાના નં.૪ ઉપર)

# વડાપ્રધાનનું જામનગર આગમન, સીધા જામ સાહેબને મળવા પાઈલોટ બંગલે પહોંચ્યા





## એરફોર્સ સ્ટેશનથી સર્કિટ હાઉસ સુધી રોડ-શોઃ બપોરે વિશ્વ કક્ષાના પરંપરાગત આયુર્વેદ મેડિકલ સેન્ટરનું ભૂમિ પૂજન કરશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
જામનગર, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બનાસકાંઠાથી આજે બપોરે જામનગરની મુલાકાતે આવી પહોંચતા એરફોર્સ સ્ટેશન પર મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિતનાં આગેવાનોએ ભવ્ય સ્વાગત કર્યું હતું. જામનગર આવતા વેત વડાપ્રધાન જામનગરનાં રાજા જામસાહેબને મળવા માટે સીધા પાઈલોટ બંગલે પહોંચ્યા હતા. આ લખાય છે ત્યારે જામનગરનાં રાજવી સાથે ગુફ્તેગો ચાલી રહી છે.

વડાપ્રધાન બપોરે લગભગ ૩:૩૦ વાગ્યાનાં સુમારે જામનગર પાસેનાં વિશ્વકક્ષાનાં ગ્લોબલ ટ્રેડિશનલ મેડિકલ સેન્ટરનું ભૂમિપૂજન કરશે. વડાપ્રધાન જામનગર આગમન સાથે જ સૌપ્રથમ જામસાહેબને મળવા પહોંચી ગયા હતા. વડાપ્રધાનની સુરક્ષા માટે આખા શહેરમાં લોખંડી સુરક્ષાની કિલેબંધી ગોઠવવામાં આવી છે.

વડાપ્રધાને એરપોર્ટથી માર્ગમાં કારમાંથી હાથ હલાવી રસ્તા પર ઉભેલા નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું. અહીંથી તેઓ સરુ સેક્શન રોડ પર આવેલા જામસાહેબનાં પાઈલોટ બંગલે પહોંચ્યા હતા. પાઈલોટ બંગલાનો ચોતરફ જબરી સુરક્ષા વ્યસ્વથા ગોઠવવામાં આવી છે.

જાણવા મળ્યા મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સર્કિટ હાઉસમાં બપોરનું ભોજન લઇ આયુર્વેદ સેન્ટરનાં શિલાન્યાસ માટે રવાના થશે. જામનગરથી ૯ કિમી દૂર આવેલા ગોરધનપર ખાતે વૈશ્વિક પારંપરિક દવાઓનું કેન્દ્ર WHO અને જામનગર આયુર્વેદિક યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યું છે. કુલ રૂ.૧૩૪૯.૪૬ લાખનાં ખર્ચે ૩૫ એકર જગ્યા પર આ ગ્લોબલ સેન્ટર પર ટ્રેડિશનલ મેડિસીનનું નિર્માણ થશે. વડાપ્રધાનનાં હસ્તે થનારા શિલાન્યાસમાં મોરેશિયસનાં વડાપ્રધાન પ્રવિન્દ જૂગનાથ, WHO નાં મહા નિર્દેશક ડો.ટેડ્રોસ, ૧૯ દેશોનાં રાજદૂતો અને નિષ્ણાંતો તથા બંને આયુષ મંત્રીઓ ખાસ ઉપસ્થિત રહેશે.(૨.૧૨)

### વડાપ્રધાનનાં આગમન પહેલા કોંગી નેતાઓ નજરકેદ

જામનગર: વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં જામનગર આગમન સમયે જ સંખ્યાબંધ સ્થાનિક કોંગ્રેસી નેતાઓને નજરકેદ કરી લેવામાં આવ્યા છે અને બીજા સંખ્યાબંધ કાર્યકરોની પોલીસે અટકાયત કરી લીધી છે. કોંગ્રેસનાં સક્રિય કોર્પોરેટર રચનાબેન નંદાણીયા, જૈનબબેન ખફી, શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાને નજરકેદ કરી લેવામાં આવ્યા છે. આમ આદમી પાર્ટી જામનગરનાં નેતા મયુર ચાવડાને પણ નજરકેદ કરી લેવામાં આવ્યા છે. જામનગર શહેર અને આસપાસનાં વિસ્તારોમાંથી પોલીસે ગઈરાતથી જ પોલીસે સંખ્યાબંધ કાર્યકરોની અટકાયત કરી લીધી હતી.(૨.૧૨)

# ભારતીય ટ્રેનો ન તો ઝડપી કે ન તો સમયસર!

## કમ્પટ્રોલર એન્ડ ઓડીટર જનરલ (સીએજી) નો ચોંકાવી દેનારો અહેવાલઃ સંસદમાં મુકાયેલા અહેવાલમાં રેલવેની પોલ ખોલતી વોચડોગ સંસ્થા



**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૧૯

છેલ્લા કેટલાક દાયકાઓ દરમ્યાન માળખાકીય સુવિધાઓ વધારવા લાખો કરોડનું રોકાણ કરવામાં આવ્યા છતાં રેલવેતંત્રની ગતિ ગોકળગાયથી આગળ વધી નથી. ન તો ટ્રેનો ઝડપી બની છે કે ન તો સમય કોષ્ટક જાળવે છે. આ વિધાનો કોઈ રાજકીય નેતા કે વિરોધ પક્ષનાં નથી. ખૂદ ભારત સરકારની વોચડોગ પાંખ કમ્પટ્રોલર એન્ડ ઓડીટર જનરલ (સીએજી) નો અહેવાલ ભારતીય રેલવેની પોલ ખોલે છે. સંસદમાં મુકાયેલા સીએનજી અહેવાલમાં ચોંકાવી દેનારા તારણો આપતા મિશન રફતાર યોજના હેઠળ રેલવેમાં રૂ.૨.૫ લાખ કરોડનું જંગી રોકાણ કરવામાં આવ્યું છે. છતાં રેલવે તંત્ર ટ્રેનોની નિર્ધારિત ઝડપ જાળવી રાખવામાં કે ટ્રેનોને સમય રાખવામાં નિષ્ફળ ગયું છે.

અહેવાલમાં નોંધ કરવામાં આવી છે કે, મિશન રફતાર આયોજન મુજબ ઉતારું ટ્રેનની ઝડપ પ્રતિકલાક ૫૦ કિ.મી.થી વધારીને ૭૫ કિ.મી. કરવાનું લક્ષ્યાંક હતું. જયારે માલગાડીની ઝડપ પ્રતિકલાક ૨૫ કિ.મી. થી વધારીને ૫૦ કિમી કરવાનું આયોજન થયું હતું. પરંતુ આટલા રોકાણ અને યોજના છતાં એવું દેખાયું છે કે, ઉતારું ટ્રેનની ઝડપ પણ અગાઉ જેટલી જ રહી છે અને માલગાડીની ઝડપ પણ વધારી શકાય નથી. ૨૦૧૯-૨૦ માં મેઈલ ટ્રેન અને એકસપ્રેસ ટ્રેનની સરેરાશ ઝડપ પ્રતિકલાક માત્ર ૫૦.૬ કિ.મી. નોંધાઈ હતી. ત્યારે ગુડ્ઝ ટ્રેનની ઝડપ અગાઉ જેટલી જ એટલે કે પ્રતિકલાક ૨૩.૬ કિ.મી. નોંધાઈ હતી. રેલવે મંત્રાલય આ માટે એવું કારણ આગળ ધરે છે કે, ઉતારું ટ્રેનનાં નેટવર્ક પર દબાણ ખૂબ વધી રહ્યું છે. આથી ઓછી ઝડપ નોંધાઈ છે. ટ્રેનોમાં ઉતારું

(અનુ.પાના નં.૪ ઉપર)

### બનાસકાંઠાનાં કાર્યક્રમમાં પણ વડાપ્રધાન વિદ્યા સમીક્ષા

**કેન્દ્રને ભૂલ્યા નહીં, આ કેન્દ્ર આવનારી પેઢી માટે અજુબો બનશે**

રાજકોટ: બનાસકાંઠાનાં દિયોદરમાં બનાસ ડેરીનાં વિવિધ પ્રોજેક્ટનાં લોકાર્પણ અને ગોબરગેસ પ્લાન્ટનાં શિલાન્યાસ સમયે પણ વડાપ્રધાન ગાંધીનગરનાં વિદ્યા સમીક્ષા કેન્દ્રને ભૂલ્યા ન હતા. તેમણે મહિલા સંમેલનમાં બનાસ ડેરીનાં સ્થાપન ગલબાકાકા તથા ઉપસ્થિત પશુપાલક મહિલાઓને વંદન કરી વિદ્યા સમીક્ષા કેન્દ્રનો ઉલ્લેખ કર્યો હતો. વડાપ્રધાને

(અનુ.પાના નં.૪ ઉપર)

# આવતીકાલે ગાંધીનગરમાં આયુષ રોકાણ અને આવિષ્કાર સંમેલન

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મોરેશિયસનાં વડાપ્રધાન અને WHO નાં વડાની પણ હાજરી

**(એજન્સી સમાચાર)**
ગાંધીનગર, તા.૧૯

આવતીકાલ તા.૨૦ નાં રોજ ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં વૈશ્વિક આયુષ રોકાણ અને આવિષ્કાર સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલ બુધવારે સવારે લગભગ ૧૦:૩૦ વાગ્યે વડાપ્રધાનનાં હસ્તે ઉદ્‌ઘાટન થશે. આ પ્રસંગે મોરેશિયસનાં વડાપ્રધાન જૂગનાથ અને WHO નાં મહાનિર્દેશન ડો.ટેડ્રોસ પણ ખાસ ઉપસ્થિત રહેશે.

ત્રણ દિવસ સુધી ચાલનારા આ સંમેલનમાં પાંચ પૂર્ણ સત્ર, આઠ ગોળમેજી સંવાદ,

(અનુ.પાના નં.૪ ઉપર)

# આવતીકાલે દાહોદમાં વડાપ્રધાનને સત્કારવા આદિવાસી બંધુઓમાં અદમ્ય ઉત્સાહનું મોજું

## ૨૦ હજાર કરોડનાં વિકાસ કાર્યોનું વડાપ્રધાન લોકાર્પણ કરશેઃ ૧૭.૯૮ લાખનાં ક્ષેત્રફળમાં ૬૦૦ મીટર લાંબો અને ૧૩૨ ફૂટ પહોળો ડોમ બનાવાયો

**(એજન્સી સમાચાર)**
અમદાવાદ, તા.૧૯

ગુજરાત યાત્રાનાં ત્રીજા દિવસે આવતીકાલ તા.૨૦ નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દાહોદ જિલ્લામાં યોજાનારા આદિવાસી મહાસંમેલનમાં ખાસ હાજરી આપશે. વડાપ્રધાનની અધ્યક્ષતામાં યોજાનારા મહાસંમેલનની સાથે-સાથે વિકાસ કાર્યોની હેલી વરસવાની છે. વડાપ્રધાન મોદીનાં હસ્તે રૂ.૨૦ હજાર કરોડનાં સંખ્યાબંધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. દાહોદમાં અદ્‌ભુત એવો એશિયાનો સૌથી મોટો ડોમ વડાપ્રધાનનાં કાર્યક્રમ માટે બનાવવામાં આવ્યો છે.

આ કાર્યક્રમની વિશેષતા એ છે કે, આદિવાસી મહાસંમેલનમાં હાજરી આપવા તંત્ર દ્વારા ઘરે- ઘરે જઈને સન્માન પૂર્વક આમંત્રણ મોકલવામાં આવ્યું છે. ૩૬૦ થી પણ વધુ ગામોમાં પ્રત્યક્ષ આમંત્રણ અપાયા છે. ગુજરાતની આદિવાસી પૂર્વપટ્ટીનાં જિલ્લાઓ દાહોદ, પંચમહાલ,

(અનુ.પાના નં.૪ ઉપર)

# માતા હીરાબા સાથે ટેલીફોન પર વાત કરતા નરેન્દ્ર મોદી

## રાજભવનથી ફોન પર પરિવારનાં પણ હાલચાલ જાણ્યાઃ ગમે તેટલા વ્યસ્ત કાર્યક્રમ વચ્ચે પણ મોદી માતાજી સાથે વાતચીત ભૂલતા નથી



**(એજન્સી સમાચાર)**
ગાંધીનગર, તા.૧૯

સૌથી વ્યસ્ત અને સક્રિય વડાપ્રધાન તરીકે દેશ- વિદેશમાં હવે બહુ જાણીતા થઇ ચુકેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી જયારે- જયારે ગુજરાત એટલે કે વતન આવે છે ત્યારે ગમે તેટલા વ્યસ્ત હોય માતા હીરાબા સાથે મુલાકાત કરવાનું કે વાતચીત કરવાનું ભૂલતા નથી. ગઈકાલે વડાપ્રધાનનું રાત્રીરોકાણ ગાંધીનગર રાજભવન ખાતે હતું. કમાન્ડ સેન્ટરની મુલાકાત લઇ લીધા બાદ રાજભવન આવી સૌ પહેલા વડાપ્રધાને ટેલીફોન પર માતા હીરાબા સાથે વાતચીત કરી હતી. તેમણે માતાજીની તબિયતની પૃચ્છા કરી હતી. હિરાબા એ વડાપ્રધાનને આશીર્વાદ આપ્યા હતા અને એમની તબિયત વિશે પૂછ્યું હતું. બાદમાં વડાપ્રધાને પરિવારનાં અન્ય સભ્યો સાથે પણ ટેલીફોન પર વાતચીત કરી હતી. આ રીતે વ્યસ્ત હોવા છતાં વડાપ્રધાન માતૃવંદના માટે સમય ફાળવતા જ હોય છે. એ એમની માતૃભક્તિની તિવ્રતાનાં દર્શન કરાવે છે.(૨.૧૨)

# વિશ્વકક્ષાનાં વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં મોદી જયારે અનોખા ગુરૂ બન્યા

## વિશ્વકક્ષાનાં પહેલા કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરમાં રાજયભરનાં શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ સાથે રસપ્રદ સંવાદ

**(એજન્સી સમાચાર)**
ગાંધીનગર, તા.૧૯

દેશના પ્રથમ એકદમ વિલક્ષણ વિશ્વકક્ષાનાં કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે એમનામાં હજુ જીવંત જિજ્ઞાસુ વિદ્યાર્થી અને પ્રેરક ગુરૂનાં દર્શન કરાવ્યા હતા. ગાંધીનગરનાં આ અભૂતપૂર્વ વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લઇ વડાપ્રધાને શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા શિક્ષણ વિભાગનાં અધિકારીઓ સાથે જ્ઞાનસભર સંવાદ કર્યો હતો, વિચારોની આપ-લે કરી હતી. કયારેક એક જિજ્ઞાસુની જેમ પ્રશ્નો પૂછ્યા હતા તો આતુર વિદ્યાર્થીઓનાં સવાલોનાં, શિક્ષકોનાં, અધિકારીઓનાં અને વાલીઓનાં સવાલોનાં રસપ્રદ અને જ્ઞાન સભર જવાબ આપીને વડાપ્રધાન છવાઈ ગયા હતા.

વડાપ્રધાને વિદ્યા સમીક્ષા કેન્દ્રનાં અત્યાધુનિક સેન્ટરમાંથી ગુજરાતભરનાં વાલીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો, મુખ્ય શિક્ષકો, બીઆરસી, સીઆરસી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ સાથે સીધો ઈ-સંવાદ કર્યો હતો. મોનીટરીંગ રૂમમાંથી વડાપ્રધાને શિક્ષણને લગતું ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. ઉચ્ચકક્ષાનાં સચિવ અને શિક્ષણ વિભાગનાં અધિકારીઓએ મોદીને શિક્ષણ વિભાગની કામગીરીનો ચિતાર આપ્યો હતો.

તેમણે ઉતરવહીનું પણ નિરીક્ષણ કરી જરૂરી સૂચનો કર્યા હતા. પ્રારંભમાં વિદ્યાર્થીઓએ બેન્ડની મધુર સુરાવલી સાથે વડાપ્રધાનનું સ્વાગત કર્યું હતું. ભારતીય પરંપરા મુજબ બાલિકાઓ





દ્વારા સ્વાગત કરાયા બાદ વડાપ્રધાને બાલિકાઓ પર પુષ્પવર્ષા કરી હતી. એ પછી તેમણે વિદ્યાનાં દેવતા વેદ વ્યાસજીની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પી હતી. વડાપ્રધાને પ્રદર્શનકક્ષ-૨ ની મુલાકાત લઇ શિક્ષણની ગુણવત્તા સુધારવા શરૂ થનારા સીમાચિન્હરૂપ કાર્યક્રમોની જાણકારી મેળવી હતી. વિશ્વ બેંકનાં સહયોગથી રૂ.૧૦ હજાર કરોડનાં સ્માર્ટ પ્રોજેક્ટ, મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ થકી રાજ્યની ૨૦ હજાર શાળાઓની કાયાપલટ કરવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓને વિશ્વકક્ષાનું શિક્ષણ મળશે. આ તમામ કાર્યક્રમ લોક ભાગીદારીથી થનાર છે. જેના પ્રોજેક્ટ પાર્ટનરે તમામ સુવિધાઓ માટે મૂડીરોકાણ કરવાનું રહેશે. પ્રોજેક્ટ પાર્ટનરને રાજ્ય સરકાર વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૬૦ હજાર આપશે.

વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષામાં નિપુણ બને એ હેતુથી સંસ્કૃતમાં શિક્ષણ પૂરું પાડવા શરૂ થયેલા સંસ્કૃત સાધના અને સંસ્કૃત શક્તિ જેવા બે ચાવીરૂપ કાર્યક્રમોની શિક્ષણ વિભાગે વડાપ્રધાનને માહિતી આપી હતી. એ પછી કમાન્ડ સેન્ટરનાં

(અનુ.પાના નં.૪ ઉપર)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




## આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

**SUBSCRIBE**
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

## સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

**WhatsApp કરો**

**તમારા ન્યુઝને**

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે

તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

**93276 28571 ઉપર Whats App કરો**

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

## પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

**જાહેરાત માટે સંપર્ક કરો:**
**90333 44426**




## આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
## 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

CMYK

# મોરેશિયસના પીએમનો રોડ-શો, ફૂલોનો વરસાદ











(તસવીરઃ પંકજ ડાભી)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

રાજકોટના આંગણે પધારેલા મોરેશિયસના વડાપ્રધાન પ્રવિન્દ જૂગનાથ અને તેમના ધર્મપત્ની કોબીતા જૂગનાથનું આયુષ મંત્રાલયના કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનવાલ, આયુષ મંત્રાલયના સચિવ ડો. રાજેશ કોટેચા, મંત્રી ઋષિકેશ પટેલ, મેયર પ્રદીપભાઈ ડવ, જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુ તથા ઈ.ચા. પોલીસ કમિશનર ખુર્શિદ અહેમદ દ્વારા તેમનું પુષ્પગુચ્છ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ વડાપ્રધાન પ્રવિન્દ જુગનાથનું ભારતીય પરંપરા મુજબ બાળાઓ દ્વારા કુમકુમ તિલક કરીને પારંપરિક સ્વાગત કરાયું હતું.

મોરેશિયસના વડાપ્રધાન પ્રવિન્દ જુગનાથ રાજકોટના મહેમાન બન્યા છે. એરપોર્ટ પર તેઓને ગાર્ડ ઓફ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. બાદમાં યુવતીઓનો તલવાર રાસ નીહાળતા અભિભૂત થયા હતા. બાદમાં એરપોર્ટથી રેસકોર્સ રિંગ રોડ સુધીનો રોડ-શો યોજાયો હતો. તેમજ નાસિક ઢોલના નાદથી રાજકોટ ગુંજ્યું હોવાનો અનુભવ થયો હતો. રાજકોટીયન્સે પ્રવિંદ જુગનાથના સ્વાગતમાં કોઈ કસર છોડી નહોતી અને ફૂલોના વરસાદથી પીએમની કારને ઢાકી દીધી હતી.

પ્રથમ એરપોર્ટ પર જિલ્લા વહીવટી તંત્ર અને રાજકોટ મહાનગરની સમગ્ર ટીમ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અલગ અલગ ૨૫ પોઇન્ટ ઉપર તેમના રોડ શો દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમોની ઝાંખી અને ગુજરાતી કલચરથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ માટે ઠેર ઠેર તેમને આવકારતા હોર્ડિંગ્સ અને બેનરો પણ લગાવવામાં આવ્યા છે.

રોડ શો દરમિયાન પ્રાચીન ગરબા, તલવાર રાસ, નાસિક ઢોલ, કથ્થક નૃત્ય, ગણેશ વંદના, સીદ્દી નૃત્ય, વંદે માતરમ, લોકનૃત્ય વગેરેની રજૂઆત વિવિધ સંસ્થાઓ તથા શાળા-કોલેજના છાત્રો દ્વારા કરવામાં આવ્યું હતું.

**રૂપાણી પરિવારમાં લગ્નોત્સવ સંપન્ન**

## લગ્ન પ્રસંગની શોભા વધારતા પૂર્વ મુખ્યમંત્રીઃ ઝુંપડપટ્ટીના બાળકોને જમાડીને લગ્ન પ્રસંગ દિપાવ્યો





(તસવીરઃ રાજેશ ભટ્ટી)







રાજકોટ: રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને અંજલિબેન રૂપાણીના પુત્ર રૂષભના લગ્ન રવિવારે સીઝન્સ હોટલમાં બિમલેશ અને પરિતા માંડવિયાની પુત્રી અદિતિ સાથે યોજાયા હતા.

લગ્નોત્સવની શુભ શરૂઆત પુજીત રૂપાણી ટ્રસ્ટના પાયામાં રહેલ ઝુંપડપટ્ટીમાં તથા છેવાડાના વિસ્તારમાં વસતા સ્ટ્રીટ ચિલ્ડ્રન તથા ઓપન હાઉસ પ્રોજેક્ટના લાભાર્થી બાળકો લગ્નપ્રસંગનો આનંદ માણવામાં બાકી ન રહી જાય તેવા શુભ હેતુસર સેકડો બાળકોને ટ્રસ્ટ ભવન ખાતે તેમજ ઝુંપડપટ્ટી વિસ્તારમાં ચાલતા ટ્રસ્ટનાં સેન્ટરો ખાતે એકત્રિત કરી ભાવતા ભોજનીયા કરાવી આ લગ્નોત્સવની શુભ શરૂઆત કરી હતી. આ બાળકોને ભોજનમાં મીઠાઇ પીસીને ભરપેટ ભોજન કરાવી ખરા અર્થમાં દરિદ્ર નારાયણનાં આશીર્વાદ મેળવી રૂપાણી દંપતી વિજયભાઇ રૂપાણી અને અંજલિબેન રૂપાણી આનંદથી ગદગદિત થઈ ગયા હતા. અને ખારા અર્થમાં નવદંપતી માટે આશીર્વાદ મેળવ્યા હતા. વિજયભાઇ રૂપાણીને ત્યાં મોટો પ્રસંગ હોય ત્યારે સૌ પ્રથમ આ પ્રકારના બાળકોને યાદ કરવાએ ટ્રસ્ટની પરંપરા રહી છે.

આ શુભ ભોજન સમારોહ પ્રસંગમાં વિજયભાઇ રૂપાણી, અંજલિબેન રૂપાણી, પુત્ર ચિ. ઋષભ રૂપાણી, પુત્રવધુ ચિ,અદિતી માંડવિયા, દીકરી સધિકાબેન મિશ્રા, નિમિતકુમાર મિશ્રા તથા માંડવિયા પરિવાર ઉપસ્થિત રહેલ.

આ શુભ લગ્ન પ્રસંગે નવદંપતીને આશીર્વાદ આપવા માટે અનેક મહાનુભાવો પધારયા હતા.

રાયપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, મંત્રીઓ જીતુભાઈ વાઘાણી, વિધાનસભાના અધ્યક્ષ નિમાબેન આચાર્ય, રાઘવજીભાઈ પટેલ, બ્રિજેશભાઈ મેરજા, પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, આર.સી. ફળદુ, પૂર્વ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા, સંસદસભ્ય પૂનમબેન માડમ, રિલાયન્સના પરિમલભાઈ નથવાણી, ભાગવતાચાર્ય રમેશભાઈ ઓઝા, સંસદ સભ્ય મોહનભાઈ કુંડારિયા, મેયર પ્રદીપભાઈ ડવ, પૂર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, કેન્દ્રીય મંત્રી પરસોતમભાઈ રૂપાલા, ત્યાગવલ્લભ સ્વામી, સાંસદ રમેશભાઈ ધડુક, પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપત બોદર, ભાજપના અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ, ધનસુખભાઈ ભંડેરી, માંધાતાસિંહ જાડેજા, પ્રદેશ ભાજપના ભરતભાઈ બોઘરા, સંસદ સભ્ય રામભાઈ મોકરિયા, ઈન્ચાર્જ પોલીસ કમિશનર ખુર્શીદ અહેમદ, કલેકટર અરૂણ મહેશ બાબુ, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, કુંવરજીભાઈ બાવળિયા, અશોક ડાંગર, મહેશ રાજપૂત, શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદિપ ત્રિવેદી તેમજ સ્થાનિક અધિકારીઓ, ઉધોગપતિઓ, રાજકારણીઓ, તંત્રીઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સોફટવેરના કોપીરાઈટ ભંગના કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો



એડવોકેટઃપિયુષ જે. કારિયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

મુંબઈની ડેલકમ કંપનીનો સોફ્ટવેર લાઇસન્સ વિના વાપરવાના કેસમાં રાજકોટની ઇન્ટેક્સ મોડબેઝ કંપનીના માલિક સહિત ત્રણ શખ્સોનો અદાલતે કોપીરાઇટ ભંગના કેસમાં છૂટકારો ફરમાવ્યો છે.

આ કેસની ટૂંકમાં હકીકત એવી છે કે તા. ૩૧/૦૨૦૧૨ના રોજ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં યોગેશ સદાશીવ જાગદાળે, મુંબઈનાએ એન્ટી પાઈરસી ફોર્સ પ્રા.લી. કંપનીના એક્ઝીક્યુટીવ તરીકે ફરજ બજાવતા હોય તેમને મળેલ બાતમીના આધારે રાજકોટમાં સરદાર ઈન્ડસ્ટ્રીયલ એરીયા ગુજરાત હાઉસીંગ બોર્ડ પાસે, કોઠારીયા સોલ્વન્ટ નજીક ઈમ્પટેક્ષને મોડબેઝ વાળા પોતાની ડેલકમ કંપનીના સોફ્ટવેર કોઈ લાયસન્સ કે આધાર વગર ડુપ્લીકેટ વાપરતા હોવા બાબતે રાજકોટ તાલુકા પોલીસને સાથે રાખીને તપાસ કરતા કંપનીમાં કુલ ૩ કોમ્પ્યુટરમાં ડેલકમ કંપનીના સોફ્ટવેરનો ગેરકાયદેર રીતે ઉપયોગ થતો હોવા ઉપરાંત કોમ્પ્યુટરમાંથી અશ્લિલ બિભત્સ ચિત્રો પણ મળી આવતા આ તમામ ચીજવસ્તુઓ પંચો રૂબરૂ કબજે કરી માલિક અશ્વિન પરસોતમભાઈ દલસાણીયા (રહે.આસ્થા રેસીડેન્સી, ૧૫૦ ફૂટ રીંગ રોડ), બ્રિજેશ જેસીંગભાઈ કાંટીયા, આશીષ વિઠ્ઠલભાઇ વાછાણીની વિરૂધ્ધ કોપીરાઈટ એટ ૧૯૫૭ની કલમ ૩૩(બી), ૬૪તથા આઈ. પી.સી. કલમ ૨૯૨ની કરીયાદ નોંઘી ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં રાજકોટની કોર્ટમાં તમામ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ મુકાયા બાદ કેસ શરૂ થતાં ફરીયાદ પક્ષે તમામ સાહેદોને, પંચોને તમામ પોલીસ અધિકારીઓને તપાસવામાં આવેલ. તેમજ આરોપીઓના વકીલે ઉલટ તપાસ કરેલ હતી. તેમાં આરોપી તરફેની દલીલોને માન્ય રાખી રાજકોટના જજ એમ.એ. મકરાણીએ આરોપી અશ્વિન પરસોતમભાઈ દલસાણીયા, બ્રિજેશ જેશીંગભાઈ કાટીયા, આશીષ વિઠલભાઈ વાછાણીને તેમના પરના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ ફરમાવેલ છે. આ કામમાં આરોપી હતી વકીલ પિયુષ જે કારિયા, પ્રધ્યુમનસિંહ જાડેજા, સચિન તેરૈયા, મોહિત લીમ્બાસિયા, અનિલ રાદડિયા રોકાયા હતા.

## રાજકોટ ક્રાઈમ

### બેભાન થતા મૃત્યુ થયું

રાજકોટઃ માધાપર ચોકડી કૃષ્ણનગર-૩માં રહેતા સંદીપભાઈ સુભાષભાઈ નિમાવત (ઉ.વ.૩૦)ગઈકાલે બપોરના ત્રણેક વાગ્યાની આસપાસ પોતાના ઘરે બેભાન થઇ જતા બેભાન હાલતમાં સિવિલે લઇ જતા ત્યાના તબીબે તપાસી મૃત્યુની જાણ કરતા નિમાવત પરિવારમાં ગમગીની છવાઈ હતી.

### યુવાન પર છરીથી હુમલો

રાજકોટ: ખોડીયાર પર શેરી નં.૩ માં રહેતા મહેશભાઈ મકવાણા (ઉ.વ.૩૨)મહાત્મા ગાંધી પ્લોટમાં રહેતા તેમના કાકાના ઘર પાસે મિત્ર સાથે બેઠા હતા ત્યારે ભારત ચાવડા નામનો વ્યક્તિ ત્યાંથી નીકળી ગાળો બોલતો હતો જે ગાળો બોલવાની ના પાડતા ભરતે છરી કાઢી ખભા પર ઘા ઝીકી હુમલો કરી નાસી ગયો હતો.જે અંગે બી.ડીવીઝન પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ હાથ ધરી છે.

### જીનિયસ ગ્રુપ દ્વારા પ્લેહાઉસથી ધો.૮ના વિદ્યાર્થીઓ માટે

## એજ્યુબુસ્ટ સ્પેશિયલ વર્કશોપ યોજાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

જીનિયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટ્યુશન્સ દ્વારા કોરોના કાળના બે વર્ષ જેટલા લાંબા ગાળા દરમિયાન વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ ન ખોરવાય તે માટે સતત ઓનલાઇન અને ઓફલાઇન શિક્ષણ આપવા પ્રત્યે ખૂબ કાળજી દાખવવામાં આવી હતી. તેમ છતાં ઓનલાઇન અભ્યાસમાં શિક્ષકોની પ્રત્યક્ષ ગેરહાજરીથી ઘણા વિષયોમાં ઓનલાઈન શિક્ષણ દરમિયાન થયેલ લર્નીંગ લોસની ભરપાય કરવા, વિદ્યાર્થીઓમાં ફરીથી શિક્ષણ પ્રત્યે રસ-રૂચી કેળવવા અને ફરી એકવાર વિદ્યાર્થીઓ શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડાય શકે તે માટે જીનિયસ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ અને જય ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા નર્સરીથી લઈને ધોરણ ૦૮ સુધીના વિદ્યાર્થીઓ માટે ૧૦ દિવસીય ‘એજયુબુસ્ટ સ્પેશિયલ વર્કશોપ’નું આયોજન કરવામાં આવ્યું હતું.



જીનિયસ ગ્રુપના ચેરમેન અને જાણીતા શિક્ષણવિદ ડી.વી.મહેતા એ આ વર્કશોપની વિશેષતાઓ જણાવતા કહ્યું હતું કે, કોરોનાકાળ દરમિયાન શાળા દ્વારા આપવામાં આવતા ઓનલાઈન એજ્યુકેશન પ્રણાલી સાથે વિદ્યાર્થીઓનો પ્રથમ વખત પરિચય થયો હતો. તેમાં પણ નવું એડમિશન લઈને શાળામાં પ્રવેશનારા ભુલકાઓ માટે ઓનલાઈન કલાસીસ દ્વારા શિક્ષણ આપવું એ શિક્ષકો માટે પણ કસોટી સમાન હતું. આ સમયગાળા દરમિયાન કેટલાક વિષયો એવા હતા કે જેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓનો પ્રત્યક્ષ સંપર્ક ખુબ મહત્વનો હોય, એવા વિષયોમાં થયેલા લર્નિંગ લોસની ભરપાય કરવી અને પાયાનું શિક્ષણ મજબુત કરવું અનિવાર્ય બની ગયું હતું. ખોરવાયેલા શિક્ષણની ગાડી પાટે ચડાવવા માટે જીનિયસ ગ્રુપ દ્વારા વિદ્યાર્થીઓ માટે આ ‘એજ્યુબુસ્ટ’ સ્પેશિયલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપની ખાસિયત એ હતી કે અહિં વિદ્યાર્થીઓ માટે ગણિત, વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, અંગ્રેજી, હિન્દી જેવા વિષયો માટે ખાસ એજ્યુકેશનલ ગેઈમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ગમ્મત સાથે જ્ઞાન આપવાના હેતુથી જય ઈન્ટરનેશનલ સ્કૂલના શિક્ષકો દ્વારા અંગ્રેજી માટે વર્બ ગોલ, વર્બ હન્ટ અને હિટ એન્ડ ફીટ ગેઈમ બનાવવામાં આવી હતી.આ વર્કશોપને અંતે વિજેતા વિદ્યાર્થીઓને સાચા ઉત્તરો આપવા બદલ અનેક ઈનામો અને ચોકલેટ્સ પ્રોત્સાહક ઈનામ રૂપે અપાયા હતા. આ તમામ પ્રવૃતિઓના માધ્યમથી વિદ્યાર્થીઓમાં ફરીથી અભ્યાસ પ્રત્યે રૂચી કેળવવા અને લર્નિંગ લોસની ભરપાય કરાવા શિક્ષકો દ્વારા કરવામાં આવેલ તમામ પ્રયત્નોને સંસ્થાના ચેરમેન ડી. વી. મહેતા અને સીઇઓ ડિમ્પલબેન મહેતા દ્વારા બિરદાવવામાં આવ્યા હતા.

### મજુરીકામ કરતા યુવકનો ગળેફાસો ખાઈ આપઘાત

રાજકોટઃ આંબેડકર નગર શેરી નં.૧૦ માં રહેતા નિલેષભાઈ નાગજીભાઈ પરમાર (ઉ.વ.૨૮) એ ગઈકાલે પોતાના ઘરે રૂમમાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.વધુ વિગત અનુસાર મૃતક નિલેશ બે ભાઈ અને એક બહેનમાં વચ્ચે હતો અને બન્ને ભાઈઓ કારખાનામાં મજૂરી કામ કરતા હતા. આજે વહેલી સવારે તેમની માતા દેવિકાબેન બંને પુત્રો માટે ટીફીન તૈયાર કરીને નિલેશ જયાં ઉપરના રૂમમાં સુતો હતો ત્યાં તેમને ઉઠાડવા માટે ગયા પરતુ ઘણા સમય સુધી દરવાજો ખડખડાવવા છતાં દરવાજો ન ખોલતા તેના મોટા ભાઈ અને પડોશીઓએ દરવાજો તોડી નાખીને જોતા નિલેશ લટકેલી હાલતમાં જોવા મળ્યો હતો. વધુમાં મૃતક નિલેશના છ માસ પૂર્વે લોધીકાની પાયલ સાથે લગ્ન થયા હતા. જે પોતાના માવતર લોધીકા ગયેલ હતી. જયાંથી આજ સવારે જ પરત ફરવાની હતી. જે પરત ફરે તે પહેલા જ પતિનું મોત થતાં આક્રંદ છવાયો હતો આ બનાવ અંગે માલવિયા પોલીસે પુછપરછ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક


ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટચૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો
એક લાઈનના 5 Rs.
મિનીમમ પ લાઈન ફરજીયાત
+5%GST
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# તંત્રી સ્થાનેથી...

## પર્યાવરણ મુદ્દે જેટલી ચિંતા થાય છે એટલો અમલ નથી!

પર્યાવરણની ચિંતા અત્યારે વિશ્વના દરેક નાગરિકો, દરેક દેશે કરવી પડે એમ છે. માનવીએ પૃથ્વીનું ક્લાયમેટ સંતુલન બગાડી નાખ્યું છે. કાર્બન ઉત્સર્જન એટલું વધારી દીધું છે કે પૃથ્વીનો ગોળો ગરમ થઈ ગયો છે. આ એક સીધી સાદી સમજ છે. બીજી બાજુ પર્યાવરણ બચાવવા માટે જેમની જવાબદારી છે તેવા પક્ષકારોનું સંમેલન, કોન્ફરન્સ ઓફ પાર્ટીઝમાં વિશ્વના નેતાઓ ચર્ચા કરીને છૂટા પડે છે. જ્યારે સંમેલનો થાય છે ત્યારે મોટા-મોટા દાવાઓ કરવામાં આવે છે. અઢી દાયકાથી આવા સંમેલનોમાં વાયદાઓ અને દાવાઓ થતા રહ્યા છે અને સાથે જ કાર્બન ઉત્સર્જન તથા ગ્લોબલ વોર્મિંગ વધી રહ્યું છે. વિકસીત દેશોએ છેલ્લા સાત-આઠ દાયકામાં બેફામ કાર્બન ઉત્સર્જન કરીને તેના દ્વારા વિકાસ સાધી લીધો છે. હવે જ્યારે વિકાસશીલ દેશો પોતાના વિકાસ માટે કારખાના નાખવા માગે છે, વીજ મથકો ઉભા કરવા માગે છે ત્યારે કાર્બન ઉત્સર્જનના નામે તેમના પર દબાણ લાવવામાં આવે છે. પોતે ફાયદો મેળવી લીધા પછી વિશ્વના અન્ય દેશોને ફાયદો ન મળે એ માટે અમેરિકા સહિતના વિશ્વના દેશો પ્રયાસ કરતા રહ્યા છે. જ્યારે ભારત જેવા વિકાસશીલ દેશોએ ફાયદો ઉઠાવવાનો સમય આવ્યો છે ત્યારે કાર્બન ઉત્સર્જન માટેના નિયમો કડક કરી દેવામાં આવ્યા છે. આ તો પોતે દાવ લઈ લીધા પછી રમતના નિયમો બદલી નાખવા જેવું થયું. આજે જે અમેરિકા કાર્બન ઉત્સર્જન અંગે દરેક વાતમાં સહમતિમાં માથું ધૂણાવે છે તે જ અમેરિકા અત્યાર સુધી પર્યાવરણ અંગે એ જ વાત પણ સાંભળવા તૈયાર નહોતું. આડેધડ તેણે કાર્બન ઉત્સર્જન કર્યું. વિશાળ કારખાનાઓ નાખીને પર્યાવરણના ભોગે અઢળક નાણા મેળવ્યા. ધનિક દેશ બની ગયો. હવે આ બધા દેશ પારકા છોકરાઓને જતિ બનાવવા નીકળ્યા છે. હવે તેઓ વિકાસશીલ દેશોના નેતાઓને બોલાવીને તેમને કાર્બન ઉત્સર્જન વિશે ડાહી ડાહી વાતો કરવા માગે, તેમના નિયમો માની લેવા માટે શરમાવે છે. એક સમય હતો જ્યારે ભારત અને ચીન જેવા દેશો કાર્બન ઉત્સર્જનના નિયમોનો બોલકો વિરોધ કરતા હતા. અમેરિકા સહિતના દેશોની નીતિને ભાંડતા હતા. ચીન હજી વિરોધના સૂર કાઢતું રહ્યું છે. તેને હજી પોતાનો જીડીપી વધારવાની હોંશ છે. વર્ષોથી એવા અહેવાલ આવતા રહ્યા છે કે પર્યાવરણના અસંતુલનથી વિશ્વમાં ગરમી અત્યંત વધી જશે, બરફ પીગળી જશે. જગતમાં પ્રલય આવશે. ચાર દશકા પહેલાં પણ આપણે આવી વાતો વાંચતા હતા. આજે પણ વાંચીએ છીએ. વિજ્ઞાનીઓની આશંકા સાચી પડી નથી. ગરમી થોડી વધી છે પણ એની સાથે જ ઠંડી પણ વધી છે. ધ્રુવ પ્રદેશનો બરફ પીગળ્યો છે પણ વિજ્ઞાનીઓ કહેતા આ એટલો પીગળી ગયો નથી. કુદરતે માનવજાતને તક આપી છે હજી પણ સુધરી જવા માટે. હજી તક છે પૃથ્વીને બચાવી લેવાની.

# દારૂના કન્ટેનર મામલે રાજકોટ ડીસીબીના ૪ જવાનો સહિત પાંચ સામે કાવતરું, અપહરણનો ગુનો નોંધાયો



## બીજાની હદમાંથી કન્ટેનર રાજકોટ સુધી તાણી લાવી કામગીરી દેખાડવાના પ્રયાસમાં દાવ ઉલ્ટો પડયો : સ્ટેટ મોનીટરીંગ સેલના રાણાભાઇ કુગશીયાએ સાયલા પોલીસ મથકમાં એફઆઇઆર દાખલ કરાવના પાંચેયની અટકાયત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા. ૧૯:

શહેરની ક્રાઇમ બ્રાંન્ચ વધુ એક વખત ચર્ચાના ચગડોળે ચડી ગઇ છે. આ વખતે દારૂ ભરેલા કન્ટેનરને બીજાની હદમાંથી રાજકોટ સુધી તાણી લાવવાને કારણે આ જવાનો માટે ફસાઇ જવાની નોબત ઉભી થઇ છે. સ્ટેટ મોનીટરીંગ સેલના કર્મચારીએ આ મામલે રાજકોટ ક્રાઇમ બ્રાંન્ચના ચાર જવાનો અને રાજસ્થાન બાડમેરના ટ્રક ચાલક વિરૂધ્ધ સાયલા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ, ગેરકાયદે ગોંધી રાખવાની કલમ, અપહરણની કલમ અને કાવત્રાની કલમ હેઠળ ગુનો દાખલ કરાવતાં સાયલા પોલીસે હાલ ચાર જવાનો અને રાજસ્થાની બુટલેગર સહિત પાંચને અટકાયતમાં લઇ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સમગ્ર પ્રકરણની વિગતો એવી છે કે ક્રાઇમ બ્રાંન્ચના ચાર કર્મચારીઓ દેવાભાઇ જાદવભાઇ ધરજીયા, સુભાષભાઇ સોંડાભાઇ ઘોઘારી, ઉપેન્દ્રસિંહ જયવીરસિંહ ઝાલા અને ક્રિપાલસિંહ નરપતસિંહ જાડેજા ક્રેટા કાર લઇને સાયલા તરફ રવિવારે રાતે રવાના થયા હતાં. ત્રણ કર્મચારી કારમાં હતાં અને એક કર્મચારી ટુવ્હીલરમાં હતાં. કહેવાય છે કે આ ટુવ્હીલરમાં તેની સાથે એક બુટલેગર પણ હતો. આ બધા સાયલાના આયા ગામ પાસે પહોંચ્યા હતાં અને ૩૯૪ પેટી દારૂ ભરેલા કન્ટેનર સાથે રાજસ્થાન બાડમેરના જગદીશ ઉમેદરામ બેનીવાલને પકડી લીધો હતો. બે પોલીસ કર્મચારી કન્ટેનરમાં ડ્રાઇવર સાથે બેસી ગયા હતાં. આ ટીમ બાદમાં દારૂ ભરેલા કન્ટેનર સાથે રાજકોટના માલિયાસણ નજીક પહોંચી હતી. ત્યાં જ સ્ટેટ મોનીટરીંગ સેલના ડીવાયએસપી કે. ટી. કામરીયા અને ટીમે તેને અટકાવ્યા હતાં. એ પછી રાજકોટ ક્રાઇમ બ્રાંન્ચના કર્મચારીઓ, કન્ટેનરના ડ્રાઇવરની પુછતાછ થતાં આ કન્ટેનર છેક સાયલાથી રાજકોટ લાવ્યાનું અને ડ્રાઇવરને ગેરકાયદે અટકાયતમાં રાખ્યાનું જણાતાં તમામને સાયલા પોલીસ સ્ટેશને લઇ જવામાં આવ્યા હતાં. વિશેષ પુછતાછની કાર્યવાહી બાદ ગત મોડી સાંજે ગુનો નોંધવામાં આવ્યો હતો.

સ્ટેટ મોનીટરીંગ સેલના કર્મચારી હેડકોન્સ. રાણાભાઇ હમીરભાઇ કુગશીયાની ફરિયાદ પરથી સાયલા પોલીસ સ્ટેશનમાં દારૂના કન્ટેનરના ચાલક રાજસ્થાન બાડમેરના જગદીશ ઉમેદરામ બેનીવાલ, રાજકોટ ક્રાઇમ બ્રાંન્ચના દેવાભાઇ જાદવભાઇ ધરજીયા, સુભષભાઇ સોંડાભાઇ ઘોઘારી, ઉપેન્દ્રસિંહ જયવીરસિંહ ઝાલા અને ક્રિપાલસિંહ નરપતસિંહ જાડેજા વિરૂધ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫ (એ), (ઇ), આઇપીસી ૩૪૨, ૩૬૫, ૧૨૦-બી મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. વિશેષ તપાસ સાયલા પોલીસે હાથ ધરી છે.

ડીસીબીના જે ચાર કર્મચારીઓ સામે ગુનો દાખલ થયો એ ટીમના ઇન્ચાર્જ મહિલા પીએસઆઇ બી. જે. કડછાની કોઇ સંડોવણી સામે આવી નથી. આમ છતાં તેમનું પણ નિવેદન નોંધવામાં આવશે.સાયલા પોલીસે હાલ ડીસીબીના ચારેય કર્મચારી અને રાજસ્થાની ટ્રક ડ્રાઇવરને અટકાયતમાં રાખી આગળની તપાસ હાથ ધરી છે.સાયલા પોલીસ સ્ટેશનના પીએસઆઇ એમ. એચ. સોલંકી, કુલદિપસિંહ અને પૃથ્વીરાજસિંહ વિશેષ તપાસ કરે છે.

## આગામી દિવસોમાં વધુ તપાસ બાદ સત્ય સામે આવે તેવી શક્યતા

રાજકોટ ક્રાઇમ બ્રાંન્ચ ફરી એક વખત વિવાદમાં સપડાઇ છે. પોતાની હદ ન હોવા છતાં છેક સાયલા સુધી જઇ દારૂ ભરેલું ટેન્કર રાજકોટ લઇ આવવાની કોશિશ કરી હતી. અમદાવાદથી દારૂ ભરેલી ટ્રક નીકળ્યાની માહિતી મળતા રાજકોટ ક્રાઇમ બ્રાંન્કકકકચના સુભાષ ગોરી, ક્રિપાલસિંહ જાડેજા, ઉપેન્દ્રસિંહ ઝાલા અને દેવા ધરજિયા સહિતની ટીમ ખાનગી કારમાં સાયલા પહોંચી ગઇ હતી, નિયત નંબર વાળી ટ્રક નજરે ચડતાં જ રાજકોટની આ ટીમે તેનો પીછો શરૂ કર્યો હતો, ટ્રક સાયલાના આયા ગામ તરફ વળતા પીછો કરી રહેલી રાજકોટ પોલીસની ટીમને દારૂનું કટિંગ થઇ જશે તેવી શંકા ઉઠતાં જ ટ્રકને આંતરી હતી. ટ્રકની તલાશી લેતા અંદરથી ૪૦૦થી વધુ પેટી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. દારૂ ભરેલી ટ્રક સાયલા પોલીસ સ્ટેશનની હદમાંથી મળતા રાજકોટ પોલીસે સાયલા પોલીસને નિયમાનુસાર જાણ કરવાની હતી પરંતુ તે કરવામાં ન આવી અને મામલો વિવાદમાં ફસાયો અને આખરે ૪ પર ફરીયાદ નોંધાઇ છે પણ સત્ય શું છે તે આગામી દિવસોમાં બહાર આવી જશે.

# વિજતંત્રમાં હવે મીટર રીડરોના પ્રશ્નોએ આંદોલનની ચીમકી




રાજકોટ,તા.૧૯

ગુજરાત વિદ્યુત કર્મચારી ઉત્કર્ષ મંડળ રાજકોટ મીટર રીડર્સને લગતા સામુહિક પ્રશ્ન તેમજ તેમને થતા અન્યાય અંગે રજૂઆત કરવા આજ રોજ તમામ મીટર રીડર્સની મિટિંગનું આયોજન રાજકોટ ખાતે કરવામાં આવેલ. જેમાં રાજકોટની જુદી જુદી કચેરીના અંદાજે ૧૫૦થી વધુ કર્મચારીઓએ ભાગ લીધો હતો.

આ મિટિંગમાં પીજીવીસીએલના મીટર રીડર્સને લગતા પ્રશ્નોની તથા તેમને થતા અન્યાયની વિગતવાર રજૂઆત ગુજરાત વિદ્યુત કર્મચારી ઉત્કર્ષ મંડળની હોદેદારોને રજૂઆત કરવામાં આવેલ. જેમાં મેનેજમેન્ટ દ્વારા કર્મચારીને બીજા ચોથા શનિવાર તેમજ જાહેર રજાના દિવસે મોટા ધાર્મિક તહેવારોની મીટર રીડીંગની કામગીરી કરાવવાથી વિજ કર્મીઓમાં રોષની લાગણી છવાઇ છે. વિજ કર્મીઓના પ્રશ્નોને લઇ ઉદાસીનતા દાખવવામાં આવે છે.

આથી ગુજરાત વિદ્યુત કર્મચારી ઉત્કર્ષ મંડળ દ્વારા ચીમકી ઉચ્ચારવામાં આવી છે કે, જો પ્રશ્નોનું સમાધાન નહી આવે તો ઉગ્ર આંદોલન કરવાની ના છુટકે ફરજ પડશે. મંડળના કાર્યકારી પ્રમુખ ગીરીશભાઇ પરમાર, જનરલ સેક્રેટરી મહેન્દ્ર ચાવડા દ્વારા રજૂઆત કરાઇ હતી

# આજી-૧ ડેમમાં પણ સૌની યોજનાનું પાણી બંધ કરાયુ : ડેમ ૮૦ ટકા ભરાયો



## સિંચાઈ વિભાગે ૭૧૧ એમ.સી.એફ.ટી. પાણી ઠાલવ્યુ : રાજકોટ માટે જુલાઈ સુધી ચાલશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૧૯

રાજકોટ શહેરને પીવાનું પાણી પુરૂ પાડતા આજી-૧ ડેમમાં છેલ્લા કેટલાંક દિવસોથી સૌની યોજના અંતર્ગત નર્મદાનિર આપવામાં આવી રહ્યું કહતું. આ પાણી હવે ગત શનિવારે સાંજથી રાજકોટ સિંચાઈ વિભાગ, દ્વારા બંધ કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા એકાદ માસથી સિંચાઈ વિભાગ દ્વારા રાજય સરકારની સુચના મુજબ આજી-૧ ડેમમાં સૌની યોજના અંતર્ગત નર્મદા નિર ઠલવાતુ હતું.

આ એક માસનાં સમય ગાળામાં આજી-૧ ડેમમાં કુલ ૭૧૧ એમ.સી.એફ.ટી. પાણી એટલે કે ૮.૭૫ ફુટ જેટલું નવુ પાણી સૌની યોજનાની ખાસ લાઈન મારફતે ઠલવાયુ હતું. રાજકોટ સિંચાઈ વિભાગનાં સૂત્રોનાં જણાવ્યા મુજબ ૨૯ ફુટની સપાટી ધરાવતો આજી-૧ ડેમ હાલ ૨૬ ફુટ સુધી એટલે કે ૮૦ ટકા ભરાઈ જવા પામ્યો છે અને જળ જથ્થો આગામી જુલાઈ માસ સુધી ચાલે તેટલો આવી જવા પામ્યો છે અને જો કદાચ વરસાદ ખેંચાય તો ફરી આજી-૧ માટે નર્મદા નિર છોડવાનો વિકલ્પ ખૂલ્લો છે.એકાદ માસથી સિંચાઈ વિભાગ દ્વારા રાજય સરકારની સુચના મુજબ આજી-૧ ડેમમાં સૌની યોજના અંતર્ગત નર્મદા નિર ઠલવાતુ હતું.(૪)




# રાજકોટમાં 'મિસ્ટર સૌરાષ્ટ્ર' બોડી બિલ્ડિંગ સ્પર્ધા યોજાઈ











**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૯

રાજકોટ ખાતે ઓપન સૌરાષ્ટ્ર બોડી બિલ્ડિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૨ નું રવિવારે રેસકોર્સ ખાતે ભવ્ય આયોજન મુખ્ય સહયોગી મસલ એન્ડ ફીટનેશ જીમ દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં સૌરાષ્ટ્રભરમાંથી ૭૦ થી વધુ બોડી બિલ્ડરોએ અલગ-અલગ આઠ કેટેગરીમાં ભાગ લીધો હતો.

ઓપન સૌરાષ્ટ્ર બોડી બિલ્ડિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૨ નો શુભારંભમાં જગતસીંહ જાડેજા-રીબડા, માર્કેટીંગ યાર્ડ ચેરમેન જયેશભાઈ બોઘરા, અધિવકતા પ્રાત મંત્રી જયેશભાઈ જાની, સચીનભાઈ સાવંત, અધિવકતા કૌશિક ટાંક, દિલુભા વાળા, એભલભાઈ ગરૈયા, દીનેશ અમરેલીયા, એન.કે. શર્મા, વિજય પંચાલ, જાહિદ દાફનાણી કેવલ રાઠોડ, દીવ્યરાજસીંહ જાડેજા , જીજ્ઞેશ રામાવતના હસ્તે દીપ પ્રાગટય કરી કરવામાં આવેલ. આ ચેમ્પિયનશિપમાં કુલ મળીને આઠ કેટેગરીની સ્પર્ધા

**સૌરાષ્ટ્રભરમાંથી ૭૦ થી વધુ બોડી બિલ્ડરોએ ભાગ લીધો**

યોજવામાં આવેલ હતી. અને ત્યારબાદ દરેક કેટેગરીમાં પ્રથમ આવેલ ખેલાડીઓ વચ્ચે મી. સૌરાષ્ટ્ર ટાઈટલ્સ માટે ઉત્તેજના વ્યાપી હતી ત્યારે બોડી બિલ્ડિંગ ઈન્ટનેશનલ જજ એન.કે.શર્મા, જાહીદ દાફનાણી, વિજય પંચાલ અને સચીન સાવંત દ્વારા દિપક જાવીયાને મી. સૌરાષ્ટ્ર-૨૦૨૨ તરીકે જાહેર કરવામાં આવેલ હતા.

આ તકે ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા ખાસ ઉપસ્થિત રહી અને ખેલાડીઓ તેમજ આયોજકોને બિરદાવ્યા હતા. તેમજ શુભેચ્છા આપી ટ્રોફી તેમજ સર્ટીફિકેટ અર્પણ કરેલ હતા.ઓપન સૌરાષ્ટ્ર બોડી બિલ્ડિંગ ચેમ્પયનશીપ-૨૦૨૨ ને સફળ બનાવવા મસલ એન્ડ ફીટનેશ જીમ, મીના ગોલ્ડ બાયરસ, કર્મા એન્ડ કાું, જી.એસ.એન. ન્યુટ્રીશન, કેલવીન ઓપ્ટીકસ ગ્લાસ પોઈન્ટ, કે.સી. ચેઈન, પાર્થ બાણુગરીયા, અંકીત સાવલીયા, હીમાંશુ રાઠોડનો સહયોગ પ્રાપ્ત થયેલ હતો. કાર્યક્રમને સફળ બનાવવા દીવ્યરાજસીંહ જાડેજા, કેવલ રાઠોડ, જીજ્ઞેશ રામાવત, મોહીત કંડોલીયા, જનક ઘોરેચા, મહમદ ઈન્દોરીવાલા, હુશેન બદાણી ભાવીન ઝરીયા, સાગર પાલા, કૈલાસ પરમાર, જીજ્ઞેશ અમરેલીયા, દીલુભા વાળા, કેતન ત્રીવેદી, રીતેષ પટેલ, નીલેશ વાળાએ જહેમત ઉઠાવેલ હતી.

# આજી રીવરફ્રન્ટ પ્રોજેકટથી અસરગ્રસ્ત પરિવારો ચિંતાતૂર



## આજી નદીના કાંઠે કેસરી પુલ નીચે મફતિયાપરા વિસ્તારના રહેવાસીઓ દ્વારા મ્યુનિ.કમિશનર, મેયર અને માનવ અધિકાર પંચને રજૂઆત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૯

મહાપાલિકા દ્વારા આજી નદી પર રીવરફ્રન્ટ બનાવવાનો પ્રોજેકટ શરૂ કરવામાં આવનાર હોવાથી નડતરરૂપ બાંધકામો દૂર કરવાની ગતિવિધિ ચાલુ કરાઈ છે. જેમાં કેસરી પુલ નીચે આવેલા મફતિયાપરા વિસ્તારના ગરીબ પરિવારોનો પણ આસરો છીનવાનાર હોવાથી તેઓએ રાજકોટ મનપાના મેયર અને કમિશનર તથા ગાંધીનગર સ્થિત માનવ અધિકાર પંચના અધ્યક્ષને રજૂઆત કરીને ન્યાયિક નિર્ણય લેવા માંગ કરી છે.

ગરીબ રહેવાસીઓએ રજૂઆતમાં જણાવ્યું છે કે, છેલ્લા ૨૫-૩૦ વર્ષથી અહીં રહીએ છીએ અને જગ્યાનો કબ્જો ભોગવટો ધરાવીએ છીએ. મહાપાલિકાની કચેરીમાં તે અંગેના મિલકત વેરા તથા પાણી વેરો ભરીએ છીએ તથા આ જગ્યાએ વીજ કનેકશન ધરાવીએ છીએ. આ જગ્યાએ જે માણસો રહીએ છીએ તે બધા આર્થિક રીતે નબળા વર્ગના માણસો છીએ અને પોતાના પેટનું પણ માંડ માંડ પુરૂ કરીએ છીએ.

જેથી જણાવવા માંગીએ છીએ કે આજી નદી પર જે યોજના અમલી બનાવવા માંગો છો તેને કારણે ગરીબ લોકો ઘર વિહોણા બની જશે. અહીં જે ગરીબ લોકો વસે છે તે બધા ટકનું લઈને ટકનું ખાવાવાળા ગરીબ મજુર વર્ગના માણસો છે. એક વાર અહીંના લોકોની પરિસ્થિતિ જોવા આવો તો ખ્યાલ આવે કે લોકો કેવી રીતે ગુજરાન ચલાવી રહ્યા છે. તેઓને નોટીસ આપવામાં આવેલ છે તેના અનુસંધાને તેમણે જણાવ્યું છે કે, અમે લોકો ગરીબ લોકો છીએ. ઘર તોડી નાખવામાં આવશે તો કઈ જગ્યાએ રહેવા જઈશું તે એક પ્રશ્ન છે.

નાના નાના દિકરા-દિકરીઓ ઘરની સ્ત્રીઓ, વૃધ્ધ માતા-પિતાને લઈને કયાં જઈશુ તે પણ ખબર નથી. એટલી મુડી કે પૈસા નથી કે આવી મોંઘવારીમાં ભાડે રહેવા જઈ શકીએ કે નવા મકાન ખરીદી શકીએ. હજુ તો કોરાના ગયો અને તેને કારણે કામ ધંધા પણ ઘણા સમયથી બંધ રહેલ હોય અને હાલ અસહ્ય મોંઘવારી હોય આવા સમયે ઘરનું ઘર લેવું તે ગરીબ લોકો માટે વિનંતી કરીએ છીએ કે મકાન પાડી નાખતા પહેલા કોઈ વૈકલ્પિક જગ્યા આપવામાં આવે કે જેથી કરીને દિકરા-દિકરીઓ, ઘરની સ્ત્રીઓ, વૃધ્ધ માતા-પિતાને લઈને વૈકલ્પિક જગ્યાએ જઈ શકીએ. તેમ અંતમાં જણાવ્યું છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### 'હું તમારો કર્જદાર છું, તમારો ઋણી છું': વડાપ્રધાન વતનમાં ભાવવિભોર

કોલેજ બનાવી છે તે ઉત્તમ કાર્ય છે. મોદીએ ઉમેર્યું હતું કે, બનાસકાંઠાએ અદ્ભુત શ્વેતક્રાંતી કરી છે. ઉત્તર ગુજરાતનાં ખેડૂતો જમીનમાં પ્રાણ પૂરે છે. અહીંની ધરા ધન્ય છે અને ક્રાંતી અદ્દભુત છે. આજે મને બે લાખ માતાઓ અને બહેનોનાં આશીર્વાદ મળી રહ્યા છે. આજનું લોકાર્પણ કાર્યએ પારંપરિક તાકાતનું ઉદાહરણ છે. અહીંથી આત્મનિર્ભર બનવાની આપણને પ્રેરણા મળે છે. બનાસકાંઠાએ સ્વીટ રિવોલ્યુશનનો પ્રારંભ કર્યો છે. તેમણે કહ્યું હતું કે, ગોબરગેસ પ્લાન્ટથી ગામડાઓમાં સ્વચ્છતા વધશે અને ગ્રામીણ અર્થતંત્ર વધુ મજબુત બનશે. આજે બનાસ ડેરીએ બટેટા અને દૂધનો સંબંધ સ્થાપિત કર્યો છે. મોદીએ કહ્યુ હતું કે, બનાસકાંઠાનાં ખેડૂતોએ જળસંચય અભિયાન શરૂ કરીને સહુને પ્રેરણા આપી છે. તેમણે જણાવ્યું હતું કે, તમે મને દિલ્હી મોકલ્યો છે પણ મેં તમારો સાથ છોડ્યો નથી. હું બનાસ ડેરીનો હૃદયથી આભાર વ્યક્ત કરું છું. જયારે માતા અને બહેનો ઓવારણા લઇ રહ્યા હતા ત્યારે હું મારી ભાવનાઓને રોકી શક્યો ન હતો. બનાસ ડેરી દ્વારા ખેડૂતોની આવક વધારવાના પ્રયાસો, બટેટા માટે ઉત્તમ બીજ અને ઉત્તમ ભાવ આપવા બદલ ડેરીની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ભાજપનાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ અને બનાસ ડેરીનાં ચેરમેન શંકર ચૌધરી સ્ટેજ પર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ઉત્તર ગુજરાતને ઉત્તમ ગુજરાત વડાપ્રધાન મોદીએ બનાવ્યું છે. ગુજરાતમાં સહકારી ક્ષેત્રની તાકાત કેટલી પ્રભાવશાળી છે તે આજે જોવા મળી રહ્યું છે. પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, આટલી મોટી સંખ્યામાં બહેનો ભેગી થઇ છે એ એક વિક્રમ સમાન ઘટના છે. આ બહેનો તો રાજકુંવરી સમાન છે. તેમણે બનાસકાંઠામાં શ્વેતક્રાંતીનો ઈતિહાસ રચી દીધો છે. બનાસ ડેરીનાં પ્લાન્ટમાં હવે મશીનમાંથી બટેટા ચિપ્સ નીકળશે અને એ વેચીને તમે સોનું ખરીદી શકશો. કરોડો રૂપિયાનું દૂધ ભરાવનાર બહેનોનો બનાસ ડેરીનાં વિકાસમાં મોટો ફાળો છે. લોકાર્પણ બાદ વડાપ્રધાને ડેરીનાં નવા સંકુલ અને પોટેટો પ્લાન્ટનું નિરીક્ષણ પણ કર્યું હતું. બાદમાં એમણે ગોબરગેસ પ્લાન્ટનું ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. બનાસ ડેરીનાં નવા પ્લાન્ટમાં દૈનિક ૧૦૦ ટન બટર ઉત્પાદન, પ્રતિદિન એક લાખ ટન આઈસ્ક્રીમ અને દૈનિક ૬ ટન ચોકલેટ એનરોબીંગની ક્ષમતા છે. બનાસ ડેરીએ દેશના સહકાર ઈતિહાસમાં પહેલીવાર એક ખાસ દૂધવાણી રેડિયો સ્ટેશન પણ ઉભું કર્યું છે. આ કોમ્યુનીટી એફએમ રેડિયો સ્ટેશનથી લોકશિક્ષણ, પશુપાલન વિકાસમાં ખૂબ જ મદદ મળશે. પશુપાલન અને લોકશિક્ષણનાં કાર્યક્રમો સતત પ્રસારિત કરવામાં આવશે.(૨.૧૨)

### ભારતીય ટ્રેનો ન તો ઝડપી કે ન તો સમયસર

સર્વિસની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. નિષ્ણાંતોએ ઉતારું ટ્રેનોની ઓછી ઝડપ અંગે ચિંતા દર્શાવી છે અને જણાવ્યું છે કે, જો ઝડપ નહીં વધે તો રેલવે નાણાંકીય સમસ્યાઓનાં ખાડામાં ઉતરી જવાની ભીતિ છે. સીએજી દ્વારા દેશમાં દોડાવવામાં આવતી ૨૯૫૧ જેટલી એક્સપ્રેસ ટ્રેનોની સરેરાશ ઝડપની સમીક્ષા કરવામાં આવી હતી. આ પૈકી માત્ર ૨.૧ ટકા ટ્રેનો નવા લક્ષ્યાંક મુજબ પ્રતિકલાક ૭૫ કિ.મી. ની ઝડપથી દોડતી જણાઈ હતી. બહુધા ટ્રેનોની સ્પીડ સરેરાશ ૫૫ થી ૭૫ ની વચ્ચે રહી હતી. ૯૩૩ ટ્રેનોની ઝડપ તો ૪૦ થી ૫૦ કિ.મી. પ્રતિકલાક અને ૨૬૯ ટ્રેનોની ઝડપ ૪૦ કિ.મી. થી નીચે રહી હતી. નિષ્ણાંતોએ નોંધ કરી છે કે, દેશની કહેવાતી સુપર ફાસ્ટ ટ્રેનો રાજધાની, શતાબ્દી, સંપર્કક્રાંતી, જન શતાબ્દી, હમસફર એક્સપ્રેસ, એસી સુપરફાસ્ટ એક્સપ્રેસ, ગતિમાન એક્સપ્રેસ અને વંદેભારત એક્સપ્રેસની સરેરાશ ઝડપ પ્રતિકલાક ૧૦૦ કિ.મી. પણ થઇ નથી. આ તમામ ટ્રેનોમાં ઉતારુંઓ પાસેથી સુપરફાસ્ટ ફી લઇ લેવામાં આવે છે. સુપરફાસ્ટમાં એકમાત્ર દિલ્હી-ઝાંસી રૂટની ગતિમાન એક્સપ્રેસ ઝડપી રહી છે. જેની ઝડપ પ્રતિકલાક ૯૩.૧ કિ.મી. નોંધાઈ છે. સીએજી દ્વારા એવી પણ નોંધ લેવામાં આવી છે કે, નિર્ધારિત ઝડપ સુધી પહોંચી શકતી ન હોવાથી મોટાભાગની ટ્રેનોનું ટાઈમટેબલ અસ્ત-વ્યસ્ત થઇ જાય છે અને સમયસર તેના નિર્ધારિત લક્ષ્ય સુધી પહોંચતી નથી. નિર્ધારિત રેલવે સ્ટેશન પણ પહોંચવા માટે નિયમિતતાનું માપદંડ ૧૫ મિનિટ રાખવામાં આવ્યું છે. પરંતુ તેનું પાલન થતું હોય તેવું દેખાતું નથી. અનિયમિતતા અંગે ૨૦૧૫-૧૬ માં ૯૧૦૦ ફરિયાદો મળી હતી. ૨૦૧૬-૧૭ માં ૨૦ હજાર અને ૨૦૧૮-૧૯ સુધીમાં ૩૫૭૯૩ ફરિયાદો ઉતારુઓ તરફથી મળી હતી. એવી પણ ગંભીર ફરિયાદો મળી છે કે, રસ્તામાં અનેક સ્ટેશનો પર ધાર્યા કરતા વધુ સમય અને વધારે પડતા રોકાણને કારણે નિયમિતતાનું કેલેન્ડર ખોરવાઈ ગયું છે.(૨.૧૨)

### બનાસકાંઠાનાં કાર્યક્રમમાં પણ વડાપ્રધાન વિદ્યા સમીક્ષા

જણાવ્યું હતું કે, ગાંધીનગરનું વિદ્યા સમીક્ષા કેન્દ્ર આવનારી પેઢી માટે એક અજુબો બનશે. અહી અત્યાધુનિક ટેકનોલોજીનો ભરપુર ઉપયોગ થાય છે. ૫૦૦ કરોડ ડેટાનું વિશ્લેષણ થાય છે. આ કેન્દ્રને કારણે શાળાઓમાં બાળકોની હાજરીમાં ૨૬ ટકા જેવો વધારો થયો છે. તેમણે કાશી, આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાં પણ પહોંચેલી બનાસ ડેરીની પ્રશંસા કરી હતી.(૨.૧૨)

### આવતીકાલે ગાંધીનગરમાં આયુષ રોકાણ અને આવિષ્કાર સંમેલન

૬ વર્કશોપ અને બે સીમ્પોઝીયમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં ૯૦ જેટલા ખ્યાતનામ વક્તા અને ૧૦૦ જેટલા પ્રદર્શકો ભાગ લેશે. વિશ્વ સંમેલનને કારણે મોટું રોકાણ આવવાની શક્યતા છે. આવિષ્કાર, સંશોધન અને વિકાસ માટે તેમજ સ્ટાર્ટઅપ ઇકો સિસ્ટમ તથા સુખાકારી ઉદ્યોગને વેગ મળશે. આ સંમેલનમાં ઉદ્યોગ મહારથીઓ, શિક્ષણવિદો અને વિદ્વાનો એક મંચ પર એકઠા થઇ રહ્યા છે.(૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

### પક્ષનાં ધારાસભ્યનાં વિકાસકામોનો દળદાર રીપોર્ટ તૈયાર કરાયો

લેવામાં આવી રહી છે. જેના કારણે અનેક ચૂંટણી લડવા ઈચ્છુંકોનાં ઓરતા અધુરા રહી જવાની પૂરી શક્યતા દેખાઈ છે. પક્ષનાં કાર્યકરોએ ટિકિટની ફાળવણી અંગે મોવડીઓ સુધી સંખ્યાબંધ મહત્વની અને સૂચક રજુઆતો કરી છે. જેના પગલે મોવડીઓનાં મનમાં નો-રીપીટ થીયરીની વ્યૂહરચના કાળમીંઢ પથ્થરની જેમ વધુ મજબુત બની ગઈ છે. તાલુકાથી જિલ્લા અને ગ્રામ્ય લેવલ સુધીનાં કાર્યકરોએ પ્રદેશ કક્ષાએ એવી રજુઆતો કરી છે કે વર્ષોથી પાર્ટીમાં પાથરણા ઉપાડી રહેલા અને સરકારની વિવિધ લોકલક્ષી યોજનાઓની વિગતો રાજ્યનાં છેવાડાનાં માનવી સુધી પહોંચાડતા રહેલા નિષ્ઠાશીલ કાર્યકર્તાઓને ટિકિટ આપવામાં સર્વોચ્ચ અગ્રતા આપવી જોઈએ. કાર્યકરોએ એવી પણ જોરદાર રજૂઆત કરી હોવાનું બહાર આવ્યું છે કે, વર્ષોથી પક્ષનાં હોદ્દાઓ ભોગવતા આવેલા અથવા હોદ્દા ભોગવી ચુકેલા નેતાઓની ટિકિટ ફાળવણીમાં બાદબાકી કરવી જ જોઈએ અને એમની જગ્યાએ વર્ષોથી મુકભાવે સેવા કરતા રહેલા અને કોઈ અપેક્ષા વિના પક્ષનું કામ કરતા રહેલા સનિષ્ઠ કાર્યકરોને ટિકિટ ફાળવણીમાં સૌથી વધુ પ્રાધાન્ય અપાવવું જોઈએ. આવી રજુઆતોને પગલે ભાજપમાં અનેકનાં આદર્યા અધુરા રહી જવાની પૂરી સંભાવના ઉભી થતી દેખાઈ છે. ચિત્ર એવું ઉભું થઇ રહ્યું છે કે, પક્ષમાં સ્થાપિત હિત બની ગયા હોય એવા અને અદના કાર્યકરની અવગણના કરનારા એ તમામને આ વખતે ટિકિટથી વંચિત કરી દેવામાં આવશે. એવું જાણવા મળ્યું છે કે, કાર્યકરોની રજૂઆત સાંભળ્યા પહેલા જ મોઢું તોડી લેવા અને વાતને હવામાં ઉડાડી દેતા ચોક્કસ નેતાઓનાં નામજોગ પ્રદેશ મોવડીઓ સમક્ષ ઉગ્ર રજુઆતો થઇ છે જેની પ્રદેશ મોવડીઓએ પણ ગંભીર નોંધ લીધી હોવાનું કહેવાય છે. કાર્યકરોની ગંભીર રજુઆતો સાંભળીને આવા કેટલાક નેતાઓને 'માપ'માં રહેવાનું સીધી કે આડકતરી રીતે કહી દેવાયું છે અને મોવડીઓનો સંદેશ મળતા જ આ બધા નેતાઓ એકાએક ડાહ્યા ડમરા થઈને બેસી ગયા છે. ચૂંટણી લડવા ઈચ્છુક કેટલાક થનગનતા નેતાઓએ કાર્યકરોને ફોન કરી અથવા રૂબરૂ મળીને ગત ચૂંટણીઓમાં ક્યાં બુથમાં કેટલી લીડ મળી હતી. તેની જાણકારી મેળવવાની કવાયત ગંભીરતાથી શરૂ કરી હોવાનું પણ જાણવા મળ્યું છે. મળતા તમામ સંકેતો અને રાજકીય ઈશારાઓનું મૂલ્યાંકન કરતા એક ચિત્ર સ્પષ્ટ એવું ઉભરી રહ્યું છે કે, ભારતીય જનતા પક્ષનાં મોવડીઓ કાર્યકરોની અવગણના કરનાર લોક પ્રતિનિધિઓ અને નેતાઓને ઉમેદવારોનાં લીસ્ટમાં સામેલ કરવા માટે બિલકુલ ઈચ્છુક નથી. હવે પક્ષનાં એવા લોકોએ દિવાલ પરના અક્ષરો વાંચી લઇ ચૂંટણીઓમાં ગુપચુપ કામે લાગી જવા સિવાય કોઈ વિકલ્પ રહેશે નહીં એવું ભાજપનાં આંતરિક સુત્રો કહી રહ્યા છે. ભાજપનાં પ્રદેશ વડા સી.આર.પાટીલનાં મિજાજને તો બધા જાણે જ છે. તેઓ પક્ષનાં નેતા કે કાર્યકરનું કદ જોતા નથી પણ કામ નિહાળે છે. કોઈપણ પ્રકારની ભલામણો કે લોબીંગને સહન કરતા નથી. સગાવાદ આધારિત ટિકિટ વિતરણમાં માનતા નથી. એટલે આગામી વિધાનસભા ચૂંટણીઓ સમયે ભાજપની ઉમેદવાર યાદીઓમાં અનેક નવા ચહેરા અને આશ્ચર્યજનક નામો જોવા મળે તો નવાઈ નહીં લાગે.(૨.૧૨)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### આવતીકાલે દાહોદમાં વડાપ્રધાનને સત્કારવા આદિવાસી બંધુઓમાં અદમ્ય ઉત્સાહનું મોજું

મહીસાગર અને છોટા ઉદેપુરમાંથી જંગી સંખ્યામાં આદિવાસી બંધુઓ ઉમટી પડશે. વડાપ્રધાનનાં ભવ્ય સ્વાગત માટે આદિવાસી બાંધવોમાં અદમ્ય ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હાજર લોકોને કોઈ અગવડ ન પડે એ માટે એક અદ્દભુત મુખ્ય ડોમ અને ત્રણ હોલ્ડીંગ ડોમ બનાવવામાં આવ્યા છે. કુલ ૧૭.૯૮ લાખ ચો.ફૂટ ક્ષેત્રફળમાં બનેલા ડોમમાં ૧૪ લાખ ચો.ફૂટમાં મુખ્ય ડોમ છે. મુખ્ય ડોમ ૬૦૦ મીટર લાંબો અને ૧૩૨ ફૂટ પહોળો છે. વચ્ચે એક પણ થાંભલો નથી એવી રીતે રચના કરવામાં આવી છે. ઉનાળાને ધ્યાનમાં રાખી સતત પાણીનો છંટકાવ ચાલુ રાખવામાં આવશે. પીવાના પાણીની પૂરી વ્યસ્વ્થા છે. મેડીકલ ટીમ તૈનાત રહેશે. સુરક્ષા ખાતર ડોમમાં સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા છે. ફાયર સેફટીને ધ્યાનમાં રાખી આખો ડોમ ફાયરપ્રુફ બનાવવામાં આવ્યો છે. સમગ્ર વ્યવસ્થા માટે ૩૦૦ ટીમો બનાવવામાં આવી છે. આ સંમેલનની વિશેષ નોંધપાત્ર બાબત એ છે કે, આદિવાસી સમાજનાં ઘરે- ઘરે જઈને નિમંત્રણ પાઠવવામાં આવ્યા છે. ફોન કોલ્સ, મેસેજ અને લઘુ ફિલ્મ દ્વારા ૩૬૦ થી વધુ ગામોમાં જનસંપર્ક કરી આમંત્રણો અપાયા છે. આ આદિવાસી મહાસંમેલનમાં વડાપ્રધાનનાં હસ્તે રૂ.૨૦ હજાર કરોડનાં વિકાસ કર્યોનું લોકાર્પણ થશે. સાથે-સાથ રૂ.૫૦૦ કરોડનાં વિકાસ કામોનું ખાતમુહૂર્ત પણ મોદીજીનાં હસ્તે થશે.(૨.૧૨)

### વિશ્વકક્ષાનાં વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં મોદી જયારે અનોખા ગુરૂ બન્યા

ચાવીરૂપ વિડીયો વોલરૂમમાં જઈને ત્યાંથી શાળાઓનું મોનીટરીંગ કઈ રીતે થાય છે તેનું વડાપ્રધાને નિરીક્ષણ કર્યું હતું. એ પછી વિડીયો વોલ-૨ ની મુલાકાત લઇ ડેશબોર્ડ પર ઉપલબ્ધ માહિતીનાં આધારે શિક્ષકો, સુપરવિઝન સ્ટાફનું અસરકારક મોનીટરીંગ કઈ રીતે થાય છે અને વિદ્યાર્થીઓ તથા શાળા સંબંધિત ડેટા, આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સનાં બીગ ડેટા, એનાલીટીક્સનાં માધ્યમથી શાળા શિક્ષણનાં નિર્ણયો કઈ રીતે લેવાઈ છે તેનું વડાપ્રધાને નિરીક્ષણ કર્યું હતું. બનાસકાંઠાનાં અંબાજી ખાતેની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ અને શિક્ષકો તથા ગ્રામજનો સાથે વડાપ્રધાને રસપ્રદ પ્રશ્નોતરી કરી માર્ગદર્શન આપ્યું હતું. કચ્છ જિલ્લાનાં વાંકી પ્રાથમિક શાળાનાં એસએમસીનાં સભ્ય કલ્પનાબેન રાઠોડ સાથે વાતચીત કરી વડાપ્રધાને શિક્ષણમાં સુધારો કેટલો આવ્યો તેની જાણકારી મેળવી હતી. ધો.૮ ની વિદ્યાર્થીની પૂજાબા સાથે સંવાદ કરી વડાપ્રધાને અન્ય વિસ્તારમાંથી આવતા શિક્ષકો સ્થાનિક ભાષામાં શીખવી શકે છે કે કેમ તેની માહિતી મેળવી હતી. તાપી જિલ્લાનાં કુકરમુંડા તાલુકાનાં ઊંટવડા ગામની કસ્તુરબા ગાંધી ગર્લ્સ સ્કૂલનાં દર્શનાબેન સાથે વાતચીત કરી વડાપ્રધાને પૂછ્યું હતું કે, વિદ્યાર્થીઓ દીક્ષા પોર્ટલનો ઉપયોગ કરે છે? આ રીતે રસપ્રદ પ્રશ્નોતરી અને વિચારોની આપ-લે કરીને વડાપ્રધાને રંગ જમાવ્યો હતો અને કમાન્ડ સેન્ટરમાં છવાઈ ગયા હતા. આપ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, શિક્ષણમંત્રી જીતુ વાઘાણી, સાંસદ સી.આર.પાટીલ, શિક્ષણ રાજ્યમંત્રી કિર્તીસિંહ વાઘેલા, મુખ્ય સચિવ પંકજ કુમાર, શિક્ષણ વિભાગનાં સચિવ ડો.વિનોદ રાવ, પીએમ પોષણ યોજનાનાં કમિશનર એસ.એ.પટેલ, સમગ્ર શિક્ષા અભિયાનનાં સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર ડો.રતનચારણ ગઢવી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.(૨.૧૨)

### સમસ્ત રૂડાચ (ગઢવી) પરિવાર દ્વારા સૌપ્રથમ વખત એક સાથે બેવડો ધર્મોત્સવ


# ભારાબેરાજા ગામે ૨૪મી થી શ્રીમદ્ ભાગવત એવમ્ શ્રી દેવીયાણા મહોત્સવ



શ્રી યજ્ઞેશભાઈ ઓઝા (ભાગવતાચાર્ય)

**ભાગવતાચાર્ય શ્રી યજ્ઞેશભાઈ ઓઝા ભાગવત મહાપુરાણ અને સમર્થ ચારણી સાહિત્યકાર શ્રી અનુભા ગઢવી શ્રી દેવિયાણનું રસપાન કરાવશે**

**તા.૨૫મી એ પદ્મશ્રી ભીખુદાન ગઢવી, દેવરાજભાઈ ગઢવી અને ડો.રણજીત વાંક દ્વારા આઈ આરાધના તથા તા.૨૭મીએ વિજય ગઢવી અને રાજભા ગઢવીનાં લોકડાયરાનું આયોજન**



શ્રી અનુભા ગઢવી (સમર્થ ચારણી સાહિત્યકાર)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ,તા.૧૯

જામખંભાડીયા તાલુકાનાં ભારાબેરાજા ગામે રૂડાચ(ગઢવી)પરિવાર દ્વારા સૌપ્રથમ વખત એક સાથે પિતૃ આરાધના એવમ માતૃ આરાધનાનાં બેવડા ધર્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા.૨૪મીથી શ્રીમદ્ ભાગવત મહાપુરાણ અને તા.૨૫મીથી શ્રી દેવિયાણ મહોત્સવ યોજાશે.

"આઈ આરાધના"



પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવી (લોક સાહિત્યકાર) | દેવરાજભાઈ ગઢવી (નાનો ડેરો) | ડો.રણજીતભાઈ વાંક (લોક સાહિત્યકાર)

મહર્ષિ વેદવ્યાસજી રચિત શ્રીમદ્ ભાગવત મહાપુરાણ જ્ઞાનપદોમાં તા.૨૪મીથી તા.૩૦મી સુધી રાજુભા નિવાસી શ્રીયજ્ઞેશ ભાઇ ઓઝા સંગીતમય ભાવવાહી શૈલીમાં કથામૃતનું રસપાન કરાવશે. જેમાં પ્રથમ દિવસે તા.૨૪મીએ વાજતે-ગાજતે પોથીયાત્રા નિકરયા બાદ કથા મહોત્સવ વર્ણવશે. બાદમાં તા.૨૫મીએ કપિલજી પ્રણદય,તા.૨૬મીએ નૃસિંહજી અને વામન પ્રાણદય, તા.૨૭મી એ શ્રી રામ અને શ્રી કૃષ્ણ જન્મોત્સવ, તા.૨૮મીએ ગોવર્ધન પુજા, તા.૨૯મીએ રૂક્ષ્મણી વિવાહ અને તા.૩૦મીએ સુદામા ચારણ બાદ કથા વિરામ થશે. કથાશ્રવણનો સમય સવારે ૯.૩૦ થી બપોરે ૧૨.૩૦ સુધીનો રહેશે.

એ જ રીતે તા.૨૫મી થી તા.૨૯મી સુધી ચારણ મહાત્મા શ્રી ઈશરદાસજી કૃત શ્રી દેવિયાણનું કવિકાગ એવોર્ડ મેળવનાર શ્રી અનુભા ગઢવી(જામંગ)દ્વારા આગમી ચારણી શૈલીમાં રસપાન કરાવાશે. જેનો સમય બપોરે ૩ થી સાંજે ૬ વાગ્યા સુધીનો રહેશે.

આ ધાર્મિક ઉત્સવની સાથે તા.૨૫મી એ સોમવારે રાત્રે ૮.૩૦ વાગ્યે આઈ આરાધના કાર્યક્રમમાં: લોક સાહિત્યકાર પદમશ્રી ભીખુદાન ગઢવી અને ડો.રણજીત વાંક તથા દેવરાજ ભાઇ ગઢવી(નાનો ડેરો) દ્વારા ભકિતરસ વહાવાશે. આ સાથે તા.૨૭મીએ બુધવારે રાત્રે ૮.૩૦ વાગ્યે લોક સાહિત્યકાર રાજભા ગઢવી (ગીર) અને વિજય ગઢવી (કેવલ આનંદ) સહિતનાં કલારારોનો ભવ્ય લોકડાયરો યોજાશે. તા.૨૬મીથી તા.૨૯મી સુધી દરરોજ સાંજે ૮.૩૦ વાગ્યે ભાઈઓ-બહેનોની પરંપરાગત ચારણી રમતનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત તા.૧ લીએ આદિત્યાણા મંડળીનો કાનગોપીરાસ કાર્યક્રમ યોજાશે. જે આપપા મહોત્સવનું લાઈવ પ્રસારણ પણ કરવામાં આવનાર છે. વધુ વિગત માટે નવલભાઇ રૂડાચનો મો.નં૭૯૯૮૯ ૮૭૯૭૯ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે. (પ)

"લોક ડાયરો"



વિજયભાઈ ગઢવી (કેવલ આનંદ) | રાજભા ગઢવી (ગીર) (સાહિત્યકાર)

### ૧૦૦ થી વધુ યુવક-યુવતીઓએ ભાગ લીધો

# 'ઈંધણ બચાવો' ના સંદેશા સાથે યોજાઈ સાયકલોથોન





**ભારત પેટ્રોલિયમ દ્વારા રાજકોટ રેન્ડોનીયર્સ અને રોટરી કલબ ઓફ રાજકોટના સહયોગથી સફળ આયોજન**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૯

ભારત પેટ્રોલિયમના કોમર્શિયલ અને ઇન્ડસ્ટ્રિયલ વિભાગ દ્વારા રાજકોટની જાણીતી સાયકલિંગ સંસ્થા રાજકોટ રેન્ડોનીયર્સ અને રોટરી કલબ ઓફ રાજકોટના સહયોગથી સક્ષમ સાયકલોથોન ૨૦૨૨ નામથી એક સાયકલિંગ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ખુબજ ટૂંકા સમયમાં આયોજન કરવાનું હોય ખૂબ જ મર્યાદિત સંખ્યામાં રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા હતા તેમ છતાં ૧૦૦ કરતાં પણ વધુ સાઈક્લિસ્ટસ દ્વારા માત્ર એક જ દિવસમાં રજીસ્ટ્રેશન કરવામાં આવેલ હતું. ભાગ લેનાર તમામ સાઈક્લિસ્ટસને ટી શર્ટ તથા આકર્ષક સર્ટિફિકેટ આપવામાં આવેલ તેમજ રેલી પૂર્ણ કર્યા બાદ નાસ્તા નું પણ આયોજન કરવામાં આવેલ છે.

આ રેલીને ઇન્ડોર સ્ટેડિયમ ખાતેથી ભારત પેટ્રોલિયમના ગુજરાતના વડા તન્મય જયસ્વાલ, એરિયા મેનેજર દિગ્વિજય સિંહ, પ્રકાશ પટેલ, રવિ કાચા, ડી.સી.પી. ઝોન ૧ પ્રવીણ કુમાર મીણા, રોટરી કલબ ઓફ રાજકોટના પ્રેસિડેન્ટ પરેશ બાબરિયા, રાજકોટ રેન્ડોનીયર્સના વિજય દોંગા અને પરાગ તન્ના દ્વારા સવારે ૬.૩૦ કલાકે ફ્લેગ ઓફ કરવામાં આવેલ હતું. કાર્યક્રમનું સંચાલન બિગ એફ.એમ. ના આર.જે. વિનોદે કર્યુ હતું. સમગ્ર આયોજનમાં સાયકલ ઝોનના ધર્મેશ ટાંક અને અમિત ટાંકનો ખૂબ જ સહયોગ પ્રાપ્ત થયેલ હતો.

સમગ્ર આયોજન સરળતાપૂર્વક પાર પડે તે માટે ભારત પેટ્રોલિયમ તરફથી મેહુલ મકડીયા, રાજકોટ રેન્ડોનીયર્સના પરાગ તન્ના, વિજય દોંગા, ધર્મેશ ટાંક, સંજય લખાણા, સંદીપ મારુ, દિનેશ ચોટલીયા, હાર્દિક પરમાર, નીલેશ માધવાચાર્ય , દિવ્યાંગ તિવારી, રાણા રાય, કિરણ સોજિત્રા, ભાવિક પાઉ, બ્રિજેશ મહેતા, કેયૂર જીવાણી, ભીગેશ સાંગાણી અને આનંદ કોટક તેમજ રોટરી કલબ ઓફ રાજકોટના પરેશ બાબરિયા, દિવ્યેશ પટેલ, રાજેશ ઘેલાણી અને નીરવ ધડુક સહીતનાઓએ ખુબજ જહેમત ઉઠાવી હતી.

# ગુજરાત આમ આદમી પાર્ટી દ્વારા મુખ્યમંત્રીને લેખિત રજૂઆત



**ખાનગી શાળાનો ફી વધારો પાછો ખેંચવા, ડોનેશન પ્રથા બંધ કરવા, ફી કમિટીમાં વાલીનો સમાવેશ કરવા સહિતની માંગણી કરતા ઈસુદાન ગઢવી અને ગોપાલ ઈટાલીયા**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૯

ગુજરાતની ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ચલાવતી ઉઘાડી લૂંટ સામે કડક પગલા ભરવાની માંગણી સાથે ગુજરાત આમ આદમી પાર્ટીના અગ્રણી ઈસુદાન ગઢવી અને ગોપાલ ઈટાલીયા દ્વારા ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

જેમાં તેઓએ જણાવ્યું છે કે, શિક્ષણએ ૨૧મી સદીનું સૌથી જરૂરી અંગ છે. શ્રેષ્ઠ શિક્ષણ દ્વારા જ વ્યક્તિ, સમાજ, રાજ્ય કે દેશનો વિકાસ કરી શકાય છે. અત્યંત દુ:ખ સાથે કહેવું પડે છે કે, ગુજરાતમાં શિક્ષણનો બેફામ વેપાર થઇ રહ્યો છે. ખાનગી શાળાઓની મનમાની સામે ગુજરાતનો વાલી લુંટાઈ રહ્યો છે. તેવો આક્ષેપ કર્યો છે.

આમ આદમી પાર્ટી શિક્ષણને મહત્વ આપનારી પાર્ટી છે. તેમ જણાવીને વધુમાં ઉમેર્યુ છે કે, દિલ્લી અને પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકારે ખાનગી શાળાનાં ફિ વધારા ઉપર તેમજ ડોનેશન ઉપર પ્રતિબંધ મુક્યો છે. આમ આદમી પાર્ટીની સરકારે ખાનગી શાળા દ્વારા પુસ્તકો કે યુનિફોર્મ કે બુટ-મોજા ખરીદી બાબતે દબાણ કરવા ઉપર પણ પ્રતિબંધ મુક્યો છે. ત્યારે ગુજરાતની જનતાને પણ આ હક્ક મળવો જોઈએ.

કોરોના પછી લોકોની આવકમાં અત્યંત ઘટાડો થયો છે. બીજી બાજુ મોંઘવારી પણ વધતા સામાન્ય માણસ માટે ઘરના બે છેડા ભેગા કરવા મુશ્કેલ છે એવા સમયે પૈસાના અભાવે ગુજરાતનાં બાળકોનું શિક્ષણ ન બગડે તેમજ ગુજરાતનાં વાલીઓને રાહત મળે તે માટે આમ આદમી પાર્ટી દ્વારા રજૂઆત છે કે , (૧) પ્રાઈવેટ સ્કૂલોમાં ફિ વધારો પાછો ખેંચવામાં આવે, (૨) ડોનેશન પ્રથા બંધ કરવામાં આવે, ડોનેશન માંગનાર ઉપર કાર્યવાહી કરવામાં આવે, (૩) યુનિફોર્મ, પુસ્તકો, નોટબુક, બુટ-મોજા વગેરે કોઈ ચોક્કસ દુકાનેથી જ ખરીદવા બાબતે પ્રાઈવેટ સ્કૂલોની મનમાની બંધ કરવામાં આવે, (૪) પ્રાઈવેટ સ્કુલના શિક્ષકો અને અન્ય સ્ટાફનું શોષણ બંધ કરવામાં આવે. તથા (૫) ફી નિર્ધારણ કમિટીમાં વાલીઓનો સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવે, એવી માંગણી છે.

ગુજરાતની જનતાની આશા, અપેક્ષા અને વિશ્વાસનું નેતૃત્વ કરતા પક્ષ તરીકે જનતા વતી આમ આદમી પાર્ટી માંગણીઓ કરે છે. જે માંગણીઓ સંદર્ભે યોગ્ય નિર્ણય લેવામાં નહિ આવે તો આગામી દિવસોમાં લોકશાહી ઢબે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. તેવી અંતમાં ચીમકી ઉચ્ચારી છે.

# ૩૯ લાખના ચેક રીટર્ન કેસમાં સેશન્સ કોર્ટે આરોપીને જેલ હવાલે કરતા રકમ ચુકવી સમાધાન કરી લીધુ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૯

રાજકોટના કુવાડવા રોડ ઉપર રણછોડનગર સોસાયટી શેરી નં.૭ માં રહેતા પરેશકુમાર હરીલાલ બાબીયાએ મીત્ર કિરીટભાઈ ગોરધનભાઈ કોઠીયા (રહે: પુજા પાર્ક-૩, માયાણી ચોક, ચંદ્રેશનગર મેઈન રોડ) ને આર્થીક મદદ માટે હાથ ઉછીના રોકડા રૂા. ૩૯,૬૦,૦૦૦ આપેલા હતા. તે રકમ પરત ચુકવવા માટે કુલ ચાર ચેક આપેલા જે તમામ ચેક બિનચુક્ત પરત ફરતા ફરીયાદીએ વકીલ મારફત કોર્ટમાં બે કેસ કરેલા હતા જે બંન્ને કેસમાં સ્પેશીયલ નેગોશીયેબલ કોર્ટે આરોપીને તસીરવાન ઠરાવી સજાનો હુકમ કરેલ. જે બન્ને કેસમાં એક-એક વર્ષની સજા તથા દિવસ-૬૦ માં ચેક મુજબની રકમ ચુકવવી અને જો દિવસ-૬૦ માં રકમ ન ચુકવે તો વધુ એક-એક વર્ષની સજાનો હુકમ કરેલ હતો.

આરોપીએ સજાના હુકમ સામે રાજકોટની સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરતા સેશન્સ કોર્ટે ૨૦% રકમ જમાં કરાવ્યે અપીલના જામીન આપેલ હતા. ત્યારબાદ અપીલ ચાલી જતા જજમેન્ટના સ્ટેજે આરોપી હાજર ન રહેતા એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ એ.વી. હિરપરાએ કિરીટભાઈ કોઠીયા સામે ધરપકડનું વોરંટ ઈસ્યુ કરી આરોપીને જેલ હવાલે કરેલ હતો.

જેથી આરોપીએ બે દિવસમાં ફરીયાદીને રકમ ચુકવી સમાધાન કરી લીધેલ. આ કેસમાં મુળ ફરીયાદી તરફે રાજકોટના વકીલ શ્રઅતુલ સી. ફળદુ રોકાયેલા હતા.



એડવોકેટ: અતુલ ફળદુ

# વોર્ડ નં.૧૭ માં ડામર રોડનું ખાતમુહૂર્ત

### શાસક પક્ષના નેતા વિનુભાઈ ઘવાના હસ્તે અવંતિકા પાર્ક બોલબાલા માર્ગ પર ખાતમુહૂર્ત કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૯

આ પ્રસંગે વોર્ડ નં.૧૭ના શાસકપક્ષના નેતાશ્રી વિનુભાઈ ઘવા, કોર્પોરેટર તથા બાગબગીચા અને ઝૂ સમિતિ ચેરમેન અનીતાબેન ગોસ્વામી, કોર્પોરેટર કીર્તીબા રાણા, મહામંત્રી યોગેશભાઈ ભટ્ટ, કિશાન મોરચાના મંત્રી વિઠલભાઈ પટેલ, ભાજપ અગ્રણી ગૌતમભાઈ ગોસ્વામી, જગદીશભાઈ વાઘેલા, સુરૂભા ઝાલા, દિનેશભાઈ ગોંન્ડલીયા, ચંદુભાઈ ગરનારા, ચિરાગભાઈ ભટ, હિતેન્દ્રભાઈ વડેરા, દિપેશભાઈ સાકડેચા, પ્રવિણભાઈ ગજેરા, દિવ્યેશભાઈ ખુંટ, રાજુભાઈ સોરઠીયા, મેગજીભાઈ રૈયાણી, કાંતિભાઈ ગોંન્ડલિયા, ઘોઘા આતાભાઈ, નીતિનભાઈ ખુંટ, જેન્તીભાઈ સરધારા, ડો. ધોળકિયા સાહેબ, વિપુલભાઈ સીયાણી, અલ્પેશભાઈ કેરાળીયા, અલ્પેશભાઈ સીયાણી, હસમુખભાઈ રાબળીયા, ચંદ્રેશભાઈ હિરપરા સહિતના લતાવાસીઓ ભાઈઓ હાજર રહેલ હતા.



# વોર્ડ નં.૭ ખાતે ભાજપ દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૯

શહેર ભાજપ દ્વારા સામાજિક ન્યાય પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમો યોજાનાર હોય તે અંતર્ગત શહેરના વોર્ડ નં.૭ ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. આ તકે ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ,શહેર ભાજપ કોષાધ્યા અનીલભાઈ પારેખ, વોર્ડપ્રમુખ રમેશભાઈ દોમડીયા, વોર્ડ મહામંત્રી રાજુ મુંધવા, કોર્પોરેટર અશ્વિન પાંભર, દેવાંગ માંકડ, તેમજ પ્રવીણ ચાવડા, સંદીપ ડોડીયા સહીતના ઉપસ્થિત રહયા હતા અને આ તકે ગોવિંદભાઈ પટેલએ સફાઈ કામદારોનું સન્માન કર્યુ હતુ અને તેમની કામગીરીને બીરદાવી હતી.



### એનએસયુઆઈના રાજકોટ જિલ્લા પ્રમુખ રોહિતસિંહ રાજપૂતની માંગ

# અકસ્માતગ્રસ્ત વિદ્યાર્થીઓને સરકાર સહાય કરે

**જસદણ નજીક સ્કૂલવાનને નડેલા અકસ્માત પરથી સરકારે બોધપાઠ લેવા રજૂઆત**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૯

જસદણના આટકોટ અને હનુમાન ખારચીયા ગામ વચ્ચે સ્કૂલવેન અને ફોરવીલર વચ્ચે અકસ્માત થતાં એક વિદ્યાર્થીનું મોત અને ૯ જેટલા વિદ્યાર્થી ઈજાગ્રસ્ત થવાના દુ:ખદ સમાચાર મળતા એનએસયુઆઈ દ્વારા સંવેદના વ્યક્ત કરી વિદ્યાર્થીઓ માટે વહેલી તકે તંદુરસ્તની પ્રાર્થના કરી હતી. આ સાથે રાજ્ય સરકાર મૃતક વિદ્યાર્થીના પરિવારને રૂ.૧૦ લાખની અને ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓના પરિવારને રૂ.૫ લાખની સંવેદનારૂપે સહાય આપે તેવી માંગણી કરી છે. રાજકોટના જીલ્લા એનએસયુઆઈ પ્રમુખ રોહિતસિંહ રાજપૂતે વિશેષ જણાવ્યું હતું કે, અવારનવાર સ્કૂલો-કોલેજોનો ટ્રાન્સપોર્ટેશન માટે ઉપયોગી બસ કે વાન ના થતા ગમખ્વાર અકસ્માતો સર્જાતા ઘણા ખરા આશાસ્પદ વિદ્યાર્થીઓ મૃત્યુ પામતા હોય છે. પંરતુ આ અંગે રાજ્ય સરકારે ટ્રાન્સપોર્ટેશન સુવિધામાં વિદ્યાર્થીઓને સુદ્રઢ સેફ્ટીની ગાઈડલાઈનનુ અનુકરણ કરવામાં નિષ્ફળ નિવડી છે. આર.ટી.ઓ. તંત્ર દ્વારા ચોક્કસ સમયે વાહનોની ગુણવતાની ચકાસણી, ડ્રાઈવરોના હેલ્થ રીપોર્ટ, સ્પિડ લીમીટ જેવા ઘણાખરા વિદ્યાર્થીઓના ટ્રાન્સપોર્ટેશન સુરક્ષા અંગે નિયમો માત્ર કાગળો પર રહે છે અને તેના કારણે અંતે ભોગ તો વિદ્યાર્થીઓને અને તેના પરીવારજનને બનવુ પડે છે તે ખૂબ દુ:ખદ બાબત છે.

શિક્ષણ વિભાગે પણ રાજ્યના તમામ વિદ્યાર્થીઓ માટે જે સ્કૂલો-કોલેજો કે યુનિવર્સિટી હસ્તક અકસ્માત સમયે વિદ્યાર્થીઓના મૃત્યુ કે ઈજાગ્રસ્ત બનાવો વખતે વિમાકવચનો નિયમ ફરજીયાત બનાવવો જોઈએ અથવા તો ચોક્કસ સહાય નિયત કરે તો આશાસ્પદ વિદ્યાર્થીઓના પરિવાર સહાયરૂપ નિવડી શકે છે.

# વિદ્યાભારતીમાં અપૂર્વભાઈ મણીઆરની નિમણૂંક

### સૌથી મોટી બિન સરકારી શૈક્ષણિક સંસ્થામાં ગુજરાત પ્રાંતના પ્રદેશ ઉપાધ્યક્ષની જવાબદારી સોંપાઈ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૯

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત પ્રવીણકાકા મણીઆર શૈક્ષણિક સંકુલ મારૂતિનગર, સરસ્વતી વિદ્યામંદિર સંકુલ રણછોડનગર અને નવા થોરાળાનાં ચેરમેન અપૂર્વભાઈ મણીઆરની નિમણૂંક વિદ્યાભારતી ગુજરાત પ્રાંતના પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે થઈ છે.

અપૂર્વભાઈ મણીઆર બાળપણથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સક્રિય કાર્યકર છે. સંઘ અને સમાજસેવાની સાથે સક્રિયતાથી જોડાણ ધરાવવા ઉપરાંત સિવિલ એન્જીનિયરનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ બાંધકામનાં વ્યવસાયમાં જોડાઈ પોતાની વ્યાવસાયિક કારકિર્દી ઘડી ચૂક્યા છે આ સાથે જ છેલ્લા પચ્ચીસ વર્ષોથી રાજકોટમાં આવેલા વિદ્યાભારતી સંલગ્ન શિશુમંદિરોમાં પણ વ્યવસ્થાપક કમિટીનાં સભ્ય, ટ્રસ્ટી અને ત્યારબાદ હાલમાં ચેરમેન તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે.

આ સિવાય અપૂર્વભાઈ મણીઆર રાજકોટ નાગરિક બેંક સહિત વિવિધ શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક અને સેવાભાવી સંસ્થાઓ સાથે જોડાઈ નિ:સ્વાર્થભાવે રાષ્ટ્રસેવામાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટનાં મેનેજિંગ ટ્રસ્ટી ડો. બળવંતભાઈ જાનીએ સહર્ષ જણાવ્યું હતું કે, વિદ્યાભારતી શિક્ષણ, પ્રશિક્ષણ, શોધ, સંશોધન સાથે દેશની સંસ્કૃતિનું સંવર્ધન અને સંરક્ષણ કરે છે. ભારત અને કદાચ વૈશ્વિક કક્ષાએ આ સૌથી મોટી બિન સરકારી શૈક્ષણિક સંસ્થા હશે જેના દરેક પ્રાંતમાં શૈક્ષણિક સંકુલો આવેલાં છે.

વિદ્યાભારતી સંસ્થા સમગ્ર દેશમાં સંઘના મૂળભૂત વિચારોને અનુસરીને શિક્ષણ ક્ષેત્રે કાર્યરત છે. આ વિદ્યાભારતી ગુજરાત પ્રાંતના પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે અપૂર્વભાઈ મણીઆરની નિમણૂંક થવી માત્ર મણીઆર પરિવાર કે શિશુમંદિર પરિવાર માટે જ નહીં પરંતુ સંઘથી લઈ સમગ્ર સમાજ માટે ગૌરવપૂર્ણ બાબત છે.

# અમરનગરમાં ૨૪મીએ નવચંડી યજ્ઞ

(કિશન મોરબીયા દ્વારા) જેતપુર, તા.૧૯

જેતપુરના અમરનગર ગામે આવેલ ક્ષત્રિય ખાંટ રાજપૂત મોરબીયા પરિવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના મઢ ખાતે સમસ્ત મોરબીયા પરિવાર દ્વારા નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. ચૈત્ર વદ નવમીને તા.૨૪ ને રવિવારના રોજ આ નવચંડી યજ્ઞ યોજાશે. જેમાં નવચંડી યજ્ઞના વિદ્વાન આચાર્ય જયેશભાઇ પંડ્યા દ્વારા શાસ્ત્રોક્ત વિધિ મુજબ આ યજ્ઞ કરવામાં આવશે. જેમાં હેમાદ્રિ,કુળદેવી પૂજન સહિત કુળદેવી નિવેધ સમૂહ પ્રસાદી યોજવામાં આવશે. આ નવચંડી યજ્ઞમાં દર્શનનો લાભ લેવા સમસ્ત મોરબીયા પરિવારને નિમંત્રણ પાઠવાયું છે એમ ભુવાશ્રી સાગરભાઈ મોરબીયા તથા ભુવાશ્રી ધીરુભાઈ મોરબીયાની યાદીમાં જણાવાયું છે.



# કોટડાસાંગાણીના મામલતદાર મૌલીક ધામેલીયાનો આજે જન્મદિવસ



રાજકોટ: કોટડાસાંગાણીના મામલતદાર મૌલીક ધામેલીયાએ પોતાના યશસ્વી જીવનના ૧૮ વર્ષ પૂર્ણ ૧૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. આજે તેમના જન્મદિવસ પરિવારજનો, સગા-સ્નેહીઓ, મિત્રો, શુભેચ્છકો શુભકામનાઓ પાઠવી રહ્યા છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી જન્મદિવસની શુભકામનાઓ...

## મુળી તાલુકાના ખાટડી ક્ષત્રિય સમાજ દ્વારા નૂતન મંદિરનું નિર્માણ

# ખાટડીમાં શ્રી શકિત મંદિરનાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ

### કાલે સ્થાપિત દેવોનું પૂજન, યાત્રા અને દાંડિયા રાસ, તા.૨૧મીએ મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા, મહાઆરતી, મહાપ્રસાદ અને સંતવાણી યોજાશે



રાજકોટ: 'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે પધારેલા ધર્મેન્દ્રસિંહ ઝાલા (પીન્ટુભાઈ), કૃષ્ણસિંહ જાડેજા (પ્રમુખ રાજપૂત કરણી સેના, રાજવીરસિંહ વાળા, તીર્થરાજસિંહ ગોહિલ, જીતુભાઈ ઠકકડ અને સંજયભાઈ બસીયા તસ્વીરમાં નજરે પડે છે.

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૯

શ્રી ક્ષત્રિય સમાજ ખાટડી, તાલુકો મુળી દ્વારા નવનિર્મિત શ્રી શક્તિ માતાજીના નૂતન મંદિરનો ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ આગામી તારીખ ૧૯ થી ૨૧ દરમિયાન યોજાશે.

આ ત્રિ-દિવસીય મહોત્સવના શાસ્ત્રીજી તરીકે કલ્પેશકુમાર જગન્નાથ તથા જયેન્દ્રભાઈ ઉપાધ્યાય રહેશે. તારીખ ૧૯ ને મંગળવારે સવારે યજ્ઞવિધિ કથા મંડપપ્રવેશ સાંજે ૪:૩૦ કલાકે માતાજીની મૂર્તિની નિજ મંદિરેથી દિવ્ય શોભાયાત્રા નિકળશે. આ જ દિવસે રાત્રે ડાક ડમરૂનો દિવ્ય કાર્યક્રમ પણ યોજાશે. તારીખ ૨૦ ને બુધવારે સવારે સ્થાપિત દેવોનું પૂજન, સાંજે યાત્રા અને રાતે દાંડિયા રાસ કાર્યક્રમ યોજાશે. તારીખ ૨૧ ને ગુરૂવારે નિજ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા તથા મહાઆરતી અને મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ગુરૂવારે રાત્રે યોજાયેલ સંતવાણીમાં લોકસાહિત્યકારો બ્રીજરાજદાન ગઢવી, રાજભા ગઢવી, અનુભા ગઢવી, હાસ્ય કલાકાર દિગુભા ચુડાસમા તથા ભજનીક અપેક્ષા પંડયા રંગ જમાવશે.

આ પાવન અવસરે સાયલા જગ્યાના મહંત દુર્ગાદાસ મહારાજ, વડવાળા મંદિર દુધરેજના મહામંડલેશ્વર શ્રી કનીરામદાસજી બાપુ, દુધઈ વડવાળા મંદિરના મહંત શ્રી રામબાલકદાસ બાપુ, ડોળીયા આનંદી આશ્રમના સંત શ્રી દેવ રામુ બાપુ, અખિલ ભારતી સંત સમિતિ ગુજરાતના અધ્યક્ષ વડતાલ મંદિરના



**આજે સવારે યજ્ઞ વિધિ, કથા મંડપ પ્રવેશ, સાંજે શોભાયાત્રા, રાત્રે ડાક-ડમરૂનો કાર્યક્રમ**

પૂજય નવતમ સ્વામીજી, હિંદુ ધર્મ સેનાના શ્રી માધવપ્રિય સ્વામીજી, મુળી સ્વામિનારાયણ મંદિરના શ્યામ સુંદર દાસ ગંગામૈયા આશ્રમ કાપડીયાળીના નિર્મલદાસ બાપુ તથા ભુવા શ્રી પ્રવિણસિંહ બાપુ વગેરે ઉપસ્થિત રહેશે.

આ દિવ્ય મહોત્સવમાં વિજયભાઇ રૂપાણી (પૂર્વ મુખ્યમંત્રી) ડો. મહેન્દ્રભાઇ (સાંસદ) મોહનભાઇ કુંડારીયા (સાંસદ) રામભાઇ મોકરીયા (સાંસદ) કિરીટસિંહ રાણા (કેબિનેટ મંત્રી) જગદીશભાઈ મકવાણા (સુરેન્દ્રનગર ભાજપ પ્રમુખ) આઇ.કે.જાડેજા (પૂર્વ કેબિનેટ મંત્રી) અરવિંદભાઇ રૈયાણી (ધારાસભ્ય) ગોવિંદભાઈ પટેલ (ધારાસભ્ય) લાખાભાઈ સાગઠીયા (ધારાસભ્ય) સહિતના ભાજપ અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

આ પાવન અવસરે મુખ્ય અતિથિ પદે નેક નામદાર ઠાકોર સાહેબ શ્રી સોમરાજસિંહ સાયલા સ્ટેટ ક્ષત્રિય પી.ટી.જાડેજા, જયરાજસિંહ ઝાલા (કંથારીયા), હરદેવસિંહજી ટી.જાડેજા (હડમતાળા), જયરાજસિંહ ટી.જાડેજા (ગોંડલ), જાડેજા વિરેન્દ્રસિંહજી (કચ્છ), અનિરૂધ્ધસિંહ જાડેજા, (રીબડા), ડો.રૂદ્રસિંહજી ઝાલા (સુરેન્દ્રનગર), પ્રદ્યુમનસિંહજી રાણા (સુરેન્દ્રનગર), પ્રવિણસિંહજી ઝાલા (લીંબડી), યશવંતસિંહજી ઝાલા (ધ્રાંગધ્રા), વજુભા એસ.ઝાલા (વાંકાનેર), દોલતસિંહજી રાણા (સાયલા), ભૂપેન્દ્રસિંહજી ઝાલા (લખતર), રઘુવિરસિંહજી ઝાલા (મોરબી) વગેરે ઉપસ્થિત રહેશે.

---

## પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ધારાસભ્યને કરાઈ રજૂઆત

# જસદણમાં શિક્ષકોના અણઉકેલ પ્રશ્ને આવેદનપત્ર

### જૂની પેન્શન યોજના જ ચાલુ રાખવા, ફિકસ પગાર પ્રથા નાબુદ કરવા, પગાર પંચના લાભો આપવા સહિતની માંગણી

**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ, તા.૧૯

જસદણ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જૂની પેન્શન યોજના લાગુ કરવા સહિતની બાબતે જસદણના ધારાસભ્યને આવેદનપત્ર પાઠવ્યું હતું.

જસદણ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ નારણભાઈ સરિયા, મહામંત્રી મનીષભાઈ ગોસાઈ, ગુજરાત



રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ શાંતુભાઇ મોડા, રાજ્યના પ્રતિનિધિ સુરેશભાઈ રોજાસરા સહિતના શિક્ષકોએ જસદણના ધારાસભ્ય કુંવરજીભાઈ બાવળિયાને આવેદન પત્ર પાઠવ્યું હતું. ધારાસભ્ય મારફત સરકારને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યા મુજબ જૂની પેન્શન યોજના ફરીથી ચાલુ કરવામાં આવે, ફિક્સ પગારના કેસ સુપ્રીમ કોર્ટમાંથી પરત ખેંચવામાં આવે અને ફિક્સ પગાર પ્રથા નાબૂદ કરવામાં આવે તથા કરાર આધારિત કર્મચારીઓ એનએચઆરએમ અને એસએસએ જેવી તમામ યોજનાના કર્મચારીઓને પૂરા પગારથી કાયમી કરવામાં આવે, સાતમા પગાર પંચના મોંઘવારી સહિતના તમામ લાભો કેન્દ્રના ધોરણે તારીખ ૧-૧૦-૨૦૧૬ થી આપવામાં આવે, પ્રાથમિક શિક્ષક સિવાયના કર્મચારીઓને પણ સળંગ નોકરીનો લાભ મળે, શૈક્ષણિક કર્મચારી સિવાયના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે ૧૦, ૨૦, ૩૦ મુજબ ત્રણ ઉચ્ચતર પગાર ધોરણનાં લાભ આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

સરકાર દ્વારા દસ દિવસમાં આ પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો આગામી સમયમાં રાજ્ય કક્ષાએ મહા આંદોલનના કાર્યક્રમો આપવામાં આવશે તેમ આવેદનપત્રના અંતમાં જણાવવામાં આવ્યું છે. હારૂનભાઇ લોહિયા, અખીલભાઈ યાદવ, બિપિનકુમાર જેઠવા, દિનેશકુમાર પટેલ, ભરતભાઈ પીપળીયા, મનનભાઈ બડમલીયા, વિશાલભાઈ પટેલ, પ્રજ્ઞેશભાઈ મેસવાણિયા, રવિભાઈ હરિયાણી, વિજયભાઈ લશ્કરી, ડેનિસભાઈ લખધરિયા, ઝીણાભાઈ તલસાણીયા, રામભાઈ પગી, રમેશભાઈ મકવાણા, નિલેશભાઈ મકવાણા, ભોળાભાઈ બાવળીયા, અનિલકુમાર રાઠોડ, મનીષભાઈ કચ્છી, પ્રતિકભાઇ વાછાણી, હેમેન્દ્રભાઈ પટેલ, રવિન્દ્રભાઈ મકવાણા, મનીષભાઈ પરમાર સહિતનાએ વિવિધ માગણીઓ વહેલી તકે પૂર્ણ કરવા જણાવ્યું હતું.

---

# 'આત્મમંથન'

## 'Taken for granted'

આ અંગ્રેજી શબ્દો આમ તો સાવ સાદાં સીધાં છે, સમજી શકાય એવાં પણ જેને, જે વ્યક્તિને **taken for granted** લેવામાં આવે એ વ્યક્તિ આજીવન સમજી નથી શક્તી કે એની સાથે આવું કેમ થઈ રહ્યું છે?

૧) મમ્મી : રીયા,કાલે ભઈલુની ચિત્રકામ ની પરીક્ષા છે, તારાં નવાં ક્રેયોન એને આપી દેજે.

રીયા : પણ મમ્મી મારે કાલે...

આગળનાં શબ્દો એ ગળી ગઈ, હંમેશા આમ જ તો થતું આવ્યું છે.

૨) સાસુમા : પ્રિયા બેટા, નિયતિને શુક્ર, શનિ અને રવિ રજા છે, ઘણે વખતે આવો સંજોગ ઊભો થયો છે કે મારી દિકરી અહીં પિયરમાં ત્રણ દિવસ આવી શકે એટલે મેં શનિવારે પૂજા રાખી છે,. તૈયારી પણ કરવી પડશે, તમે શુક્ર - શનિ રજા લઈ લેજો

પ્રાઈવેટ કંપનીમાં કામ કરતી વહું બેન્કમાં કામ કરતી નણંદ બાની રજાઓ સાથે ક્યાં સુધી એડજેસ્ટ કરશે? પ્રિયા વિચારી રહી, શુક્રવારે તો ઈન્ટરનલ ઓડિટ છે, રજા મળવી મુશ્કેલ...

૩) હમણાં જ સંભોગ કરીને ઘસઘસાટ ઉંઘી ગયેલાં પતિનાં શાંત - તૃપ્ત ચહેરા તરફ જોઈ નયના સમસમી રહી, હું શું કોઈ રેડિયો કે ટેલિવિઝન? જરૂર પડે એટલે ઓન અને જરૂરિયાત પતે એટલે તું કોણ ને હું કોણ..

૪) સ્નેહલ : મમ્મી તને કંઈ સમજણ પડતી નથી, પ્રોપર લિસ્ટ બનાવીને વસ્તુઓ મંગાવી જોઇએ ને..



**(મમતા પટેલ-મુંબઈ)**




મમ્મી : હા બેટા, હવે યાદ..

મમ્મીની વાત અડધે જ કાપતાં સ્નેહલ બોલી, એ તારાં બ્રેઈન નો પ્રોબ્લેમ કહેવાય કે તને યાદ નથી રહેતું.

મમ્મીને બાળપણમાં પરીક્ષામાં **silly mistakes** કરીને માર્ક ગુમાવતી સ્નેહલ યાદ આવી ગઈ.

૫) નેહા અને એનાં સાસુ વચ્ચે આમ તો બહું જ સંપ, દરેક કામ વહેંચી - સંપીને કરે

નેહાના સાસુ સ્વાદની ઝંઝટમાં પડવું ના પડે એટલે રોટલી કરતાં જ્યારે નેહા રસોઈ શોનાં વિડિયો જોઈ જોઈને નવાં નવાં અખતરાં કરતી, કામ ચાલતું.

હમણાં મહેમાનોનો આવરો - જાવરો વધી ગયો હતો, ઉભાં ઉભાં થોકબંધ ફુલ્કા ઉતારતાં નેહાના સાસુ થાકી જતાં પણ નેહા સમજવાં તૈયાર જ નહોતી, સંપ જાળવવો હોય તો ભાગે પડતું કામ તો કરવું જ પડે એવું એ માનતી, દેખાય છે તો ડોલરિયા પછી ખભા કેમ દુખે? યુવાની ક્યારેય ઘડપણની પીડા સમજી શકી છે ભલા?

૬) સોહન : પપ્પા, **CS** અને **LLB** ,પછી હું **LLM** પણ કરીશ, આજકાલ એની બોલબાલા છે.

સોહન કયારે જલ્દી ભણી રહે અને કયારે કમાતો થાય એની રાહ જોતાં એનાં પપ્પાની આ 'બોલબાલા' સામે બોલતી બંધ થઈ ગઈ.

૭) સુમન: ભાઈ, મારે લગ્ન માટે મીનીમમ પચ્ચીસ હજારનો લહેંગો જોઈશે જ.

સુમને બેફિકરાઈથી કહી દીધું.

સુમન સિવાય બીજી બે બેનનાં ભણતરના અને લગ્નનાં ખર્ચા હજું બાકી હતાં.

મિહિરની મુંડી સંમતિ આપવા માંડ માંડ હલી, આજે એને પોતાની મુંડી ખૂબ ભારે લાગી.

સાત અલગ અલગ સંબંધ, અલગ અલગ સંજોગ અને અલગ અલગ પ્રસંગ આપણે જોયાં, ક્યાંક વહું સાસુને તો ક્યાંક સાસુ વહુને **taken for granted** લે છે તો ક્યાંક મા દિકરીને તો બહેન ભાઈને **taken for granted** લે છે, હવે આ **taken for granted** એટલે શું?

સામેવાળાની મરજી જાણ્યા વગર એનાં પર કશુંક હક્કથી થોપી દેવું એટલે **taken for granted** કહી શકાય.

કેમ એવું થાય છે અમુક વ્યક્તિઓ સાથે? શું એ લોકો લાગણીશીલ છે એટલે કે પછી એમને ના કહેવાની કળા હસ્તગત નથી એટલે? સામો પક્ષ જબરો છે એટલે કે પછી વર્ષોથી આમ જ તો ચાલતું આવ્યું છે એવી માન્યતામાં આપણે આપણી જાતને કેદ કરી રાખીએ છીએ એટલે?

શું તમે કોઈને **taken for granted** લો છો? કે પછી કોઈ તમને...?

આત્મમંથન અનિવાર્ય...

---

## સાંસદ મોહનભાઈ કુંડારીયા, ભૂપતભાઈ બોદર, બાવનજી મેતલીયાના હસ્તે

# રાજકોટ જિલ્લામાં વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

### ગ્રામ્ય વિસ્તારની કાયાપલટ કરવા માટે ભાજપ સરકાર કટીબધ્ધઃ અગ્રણીઓ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૯

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રૂ. ૧૮૫ લાખના ખર્ચે મંજુર થયેલ પડધરી તાલુકાના થોરીયાળી ગામે ટંકારા હાઈ-વેથી થોરીયાળી-બંગાવડી-ખોડાપીપર ગામ સુધીના ડામરરોડનું ખાતમુહૂર્ત સાંસદ સભ્ય મોહનભાઈ કુંડારિયા, ભૂપતભાઈ બોદર (પ્રમુખ જીલ્લા પંચાયત રાજકોટ) બાવનજીભાઈ મેતલીયા (પૂર્વ ધારાસભ્ય)ના હસ્તે કરવામાં આવ્યું હતું. આ રસ્તો બનવાથી ૨૦ ગામના લોકોની સુખાકારીમાં વધારો થશે તેમજ વાહન ચાલકો અને રાહદારીઓની સુગમતામાં વધારો થશે.

આ ઉપરાંત રાજકોટના નાકરાવાડી ગામે નવનિર્મિત રમતગમત ના મેદાન (ક્રિકેટ) ગ્રાઉન્ડનું લોકાર્પણ રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ ભૂપતભાઈ બોદરના હસ્તે કરવામાં આવ્યું. અને આ ક્રિકેટ ગ્રાઉન્ડ બનવાથી રમતગમતને પ્રોત્સાહન મળશે તેમજ આ ગ્રાઉન્ડ બનવાથી ગ્રામ્ય રમતવીરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

રાજકોટના ધમલપર ગામે વિવિધ ગ્રાન્ટમાંથી મંજુર થયેલ સ્મશાનમાં છાપરીનું કામ, સ્મશાનમાં પેવર બ્લોકનું કામ, સ્મશાનમાં કમ્પાઉન્ડ વોલનું કામ, વગેરે કામોનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તુલસીભાઈ તાલપરા (ઉપપ્રમુખ રાજકોટ જિલ્લા ભાજપ) જયેશ બોધરા (ચેરમેન રાજકોટ યાર્ડ) પરેશ પીપળીયા, સી.ટી.પટેલ, વસંત ગઢીયા સતત વિવિધ સમાજના અગ્રણીઓ તથા રમતવીરો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---

# જીવનનગરમાં હનુમાન જયંતિની ભાવપૂર્વક ઉજવણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૯

જીવનનગર વિકાસ સમિતિ, રામેશ્વર મહાદેવ મંદિર સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહોત્સવ સમિતિ અને મહિલા મંડળના સંયુકત ઉપક્રમે હનુમાન જયંતિની ભાવપૂર્વ ઉજવણી કરવામાં આવી હતી. આખો દિવસ ધાર્મિક કાર્યક્રમો સાથે સાંજે મહાપ્રસાદમાં રહીશોએ શ્રધ્ધાપૂર્વક ભાગ લીધો હતો. મહાનગર પાલિકાના આરોગ્ય સમિતિના ચેરમેન રાજશ્રીબેન ડોડિયા, કોર્પોરેટર જયોત્સનાબેન ટીલાળા, ચેતનભાઈ સુરેજા, શિક્ષણ સમિતિના ઉપાધ્યક્ષ સંગીતાબેન છાયા, વોર્ડના મહામંત્રી પરેશભાઈ તન્ના, પાર્થ ગોહેલ, ભા.જ.પ. ના આગેવાનોએ હાજરી આપી મહાઆરતીમાં ભાગ લીધો હતો. મંદિરને ભવ્ય શણગારતા સમિતિની પ્રશંસા કરી હતી. સમિતિના પ્રમુખ એડવોકેટ જયંત પંડયાએ મહેમાનોનું રહીશો વતી આવકારી છેલ્લા ૪૦ વર્ષથી સમિતિની કામગીરીની રૂપરેખા આપી હતી. મંદિરને માનવતાનું પ્રતિક બનાવવામાં લોકોનો સહયોગ મળેલ છે તેની વિગત આપી હતી. હનુમાન જયંતિએ સવારે પ્રભાતફેરી, સુંદર કાંડના પાઠ, હનુમાન ચાલીસા, સત્સંગ, ભજન, કીર્તન, મહાઆરતી, દીપમાલા, શણગાર સહિત આયોજનોમાં લોકોનો ભરપુર સહયોગ મળ્યો હતો. મહિલા મંડળે મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત ર્ક્યું હતું.

---

# ડેડરવામાં માતાજીનો મંડપ, નેત્ર કેમ્પ સંપન્ન

**(કિશન મોરબીયા દ્વારા)**

જેતપુર, તા.૧૯

રાજકોટ જિલ્લાના જેતપુર પાસે આવેલ ડેડરવા ગામ ખાતે સમસ્ત ડેડરવા ગામ તથા સમસ્ત ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજ દ્વારા શ્રી વડલા વાળી



### ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજ દ્વારા સમસ્ત ગ્રામજનોના સહયોગથી આયોજન

મહાકાળી માતાજીનો પંચાવ મંડપ મહોત્સવ યોજાયો હતો. અને નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો.

આ મંડપ મહોત્સવમાં શ્રી રાજપુત કરણીસેના અધ્યક્ષ જે.પી.જાડેજા ખાસ હાજર રહ્યા હતા તેમજ ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજના કે.પી.ગુજરાતી (રાજકોટ), રાજુભાઈ સરવૈયા (રાજકોટ), રમેશભાઈ મકવાણા (જુનાગઢ), વેલજીભાઈ સરવૈયા (વિરપુર), પ્રવીણભાઈ વાઘેલા (ભેસાણ), જયસુખભાઇ ગુજરાતી (જેતપુર) તેમજ ગાડલીયા લોહર સમાજના લોક ગાયક દેવરાજભાઈ રાઠોડ તથા પ્રવીણભાઈ મકવાણા (જુનાગઢ) હિતેશભાઈ ભાખોતરા (જેતપુર), અરવિંદભાઈ સરવૈયા (રાજકોટ), વિજયભાઈ વાળા (રાજકોટ), ધર્મેન્દ્રસિંહ ડાભી (ગોંડલ), પ્રવીણભાઈ સરવૈયા (જામનગર) તેમજ શ્રી મહાકાળી માતાજીના મંડપ મહોત્સવમાં માતાજીના સેવકો તથા માતાજીના ભુવા તથા દરેક સર્વ સમાજના લોકોએ શ્રી મહાકાળી માતાજીના મહાપ્રસાદનો લાભ લીધો હતો. મહોત્સવને સફળ બનાવવા ધર્મેશભાઈ પીપળીયા ગોંડલ, મનજીભાઈ મકવાણા, ચેતનભાઈ વરાણ અનિલભાઈ મકવાણા, પિન્ટુભાઈ સરવૈયા, યોગેશભાઈ ભેડા, જયરાજ મકવાણા, ભોલાભાઈ સરવૈયા, દિનેશભાઈ મકવાણા, તુલસીભાઈ ઉમરાણીયા, ભરતભાઈ મૂળિયા, ચીમનભાઈ ચાવડા, તથા ડેડરવા ગામ સર્વે લોકોએ જહેમત ઉઠાવી હતી.

---

# ઘરેલુ હિંસા કેસમાં ડીલે માફ કરવાની પત્નીએ કરેલી અરજી કોર્ટે રદ કરી



**એડવોકેટ વિશાલ સોલંકી**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૯

આ કેસની હકીકત મુજબ હસનવાડી, અંબીકા પાર્કમાં રહેતા ચેતનાબેન અનિલભાઈ નંદાસણાએ તેમના પતિ અનિલ હંસરાજ નંદાસણા, સસરા હંસરાજ નંદાસણા, દિયર મહેન્દ્ર નંદાસણા, સાસુ મંજુલાબેન નંદાસણા, નણંદ શર્મિલા નંદાસણા સામે આઈ.પી.સી.ની કલમ ૪૯૮, ૫૦૪, ૫૦૬ (૨) મુજબ ગુનો નોંધાવ્યો હતો. જે કેસ ચાલી જતા જસદણ પતિ અનિલ નંદાસણા, તથા તેના પરિવારના તમામ સભ્યોને નિર્દોષ છોડવા હુકમ ફરમાવ્યો હતો. જે હુકમની સામે મુળ ફરીયાદી ચેતનાબેન નંદાસણાએ રાજકોટ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટે ૧૭૩ દિવસનો ઢીલ મંજુર કરવા અને અપીલ દાખલ કરવા અરજી કરી હતી. જે ચાલી જતા બન્ને પક્ષની દલીલ ધ્યાને લઈ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ બી. બી. જાદવે અરજદાર ચેતનાબેન અનિલભાઈ નંદાસણાની ડીલે/ઢીલ અને અપીલ દાખલ કરવાની અરજી રદ કરવાનો હુકમ ફરમાવ્યો છે.

આ કેસમાં પતિ સહિતના સાસરીયા વતી એડવોકેટ વિશાલ સોલંકી રોકાયા હતા.

---

# ડો.પીયુષ દેસાઈનો આજે જન્મદિવસ



રામકૃપા એક્સ - રે તથા સોનોગ્રાફી સેન્ટર (રાજકોટ) ના સંચાલક ડો. પીયૂષ દેસાઈ ની આજે ષષ્ઠી પૂર્તિ છે. રામકૃપા ૧૯૬૧ થી કાર્યરત છે અને સચોટ નિદાન તથા દર્દીઓ તરફ કરૂણા દર્શાવામાં જાણીતું નામ છે. રામકૃપા એક્સ - રે તથા સોનોગ્રાફી સેન્ટર ના સ્થાપક અને સૌરાષ્ટ્ર ના પેહલા પ્રાઈવેટ રેડિયોલોજિસ્ટ, ડો. પી એસ દેસાઈ ના તેઓ પુત્ર છે. ડો. પીયૂષ દેસાઈ છેલ્લા ૩૦ થી પણ વધુ વર્ષ થી રામકૃપા એક્સ - રે તથા સોનોગ્રાફી સેન્ટર ના સંચાલક તારીખે કાર્યરત છે. તેઓ એ તેમના પિતા ના સંસ્કાર જાળવી રાખી ખૂબ કરૂણા પૂર્વક આ સંસ્થા ચલાવે છે. ડો. પીયૂષ દેસાઈ સાહેબ ને જન્મ દિવસની શુભેચ્છકો શુભકામનાઓ પાઠવી રહ્યા છે.

## બ્રહ્મદેવ સમાજ દ્વારા પરશુરામ જન્મોત્સવ નિમિતે

# રાજકોટના બ્રહ્મ પરિવારની બહેનો-દીકરીઓ માટે રાસ-ગરબાનું આયોજન



રાજકોટ: 'સૌરાષ્ટ્ર ક્રાંતી'કાર્યાલયની મુલાકાતે પધારેલ ભાર્ગવીબેન ભટ્ટ, ધર્મિષ્ઠાબેન વ્યાસ, સોનલબેન જોષી, હિરલબેન જાની, હિરલબેન ઠાકર, માલતીબેન, પ્રતિમાબેન વ્યાસ અને ડિમ્પલબેન જાની તસવીરમાં નજરે પડે છે.

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૯

ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવ ઉજવણી સંદર્ભ બહેનો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આગમી તા. ૩૦ ના રોજ બાળકો દ્વારા પરંપરાગત વેશભૂષા, સંસ્કૃત શ્લોક જેવી સ્પર્ધાઓનું આયોજન બહેનો માટે આરતીની થાળી ડેકોરેશન, વિવિધ રમતો અને ખાસ દરજજે મોટી રંગોળી કરવામાં આવશે. તદ્ઉપરાંત ભગવાન પરશુરામ દાદાનો અન્નકુટ અને તા. ૦૨/૦૫ ના રોજ રેસકોર્ષ ખાતે આવેલ બાલભવન મેદાન, સ્વિમિંગ પુલની બાજુમાં લાઈવ ગરબા પ્રખ્યાત ગાયક રાહુલભાઈ મહેતા, સાગરભાઈ રાવલ અને ખુશીબેન જોષી દ્વારા સુર રેલાવશે.

આ ગરબાનું મુખ્ય આર્કપણ બ્રહ્મસમાજની દિકરીઓ દ્વારા ફરસી રાસ અને ક્ષત્રીય સમાજની દિકરીઓ દ્વારા તલવાર રાસ થશે. જે કોઈ બ્રાહ્મણ પરિવારની બહેનોએ ભાગ લેવા ઈચ્છતા હોય એમણે પાસ મેળવી લેવા. આ કાર્યક્રમ મિલનભાઈ શુકલના માર્ગદર્શન મુજબ સફળ બનાવવા માટે ભાવીબેન મહેતા, ગોલુબેન જોષી, હિરલબેન જાની, હિરલબેન ઠાકર, હિનાબેન રાવલ, ભાર્ગવીબેન ભટ્ટ, ઈલાબેન યાજ્ઞિક, સોનલબેન જોષી, માલતીબેન સાતા, જાગૃતિબેન જોષી, હિનાબેન ત્રિવેદી, કલ્પનાબેન ત્રિવેદી, પલ્લવીબેન જોષી, વંદનાબેન જાની, ઉષાબેન પંડયા વગેરે જહેમત ઉઠાવી વે છે.

### બ્રહ્મ સમાજની દીકરીઓ દ્વારા ફારસી રાસ અને ક્ષત્રિય સમાજની દીકરીઓ દ્વારા તલવાર રાસ થશે

### પાસ મેળવવા માટે સંપર્ક કરવો

| | |
|---|---|
| ભાર્ગવીબેન ભટ્ટ | મો. ૯૫૭૪૯ ૭૫૫૩૫, |
| ધર્મિષ્ઠાબેન વ્યાસ | મો. ૭૯૮૪૫ ૬૩૫૪૬, |
| સોનલબેન જોષી | મો. ૮૪૦૧૫ ૮૭૭૭૦, |
| હિરલબેન જાની | મો. ૮૦૦૦૦ ૦૨૩૦૪, |
| હિરલબેન ઠાકર | મો. ૯૦૯૯૯ ૪૦૦૬૨, |
| માલતીબેન | મો. ૭૬૦૦૬ ૯૦૧૩૩ |

# મોરેશિયસના વડાપ્રધાનનો ભવ્યાતિભવ્ય રોડ-શો યોજાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૯

મોરેશિયસના વડાપ્રધાન પ્રવિંદ જુગનાથ કે જે મૂળ ભારતીય વંશના છે તે રાજકોટ ખાતે પધારેલ હોય એરપોર્ટ ખાતે શહેર ભાજપ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવેલ ત્યારબાદ એરપોર્ટથી રીંગરોડ, એરપોર્ટના ગેઈટ સુધી ભવ્યાતિભવ્ય રોડ-શો યોજાયેલ. આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા,પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઉદય કાનગડ, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, મેયર ડો. પ્રદિપ ડવ, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી,કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, કશ્યપ શુકલ, રક્ષાબેન બોળીયા, ભાનુબેન બાબરીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શહેર ભાજપ દ્વારા તેમનું શાનદાર સ્વાગત અને રોડ-શોનો કાર્યક્રમ યોજાયેલ ત્યારે રોડ-શોના સમગ્ર રૂટ પર પુષ્પવર્ષા, પાર્ટીના ઝંડા, ઝંડી, બેનર સુશોભન, ઢોલ, નગારા, ડી.જે., શરણાઈની સૂરાવલિ, ફટાકડા, આતશબાજીથી પ્રવિંદ જુગનાથનું અભિવાદન કરાયું હતું.

તેમજ એરપોર્ટથી રીંગરોડ એરપોર્ટના ગેઈટ સુધીના રૂટ પર



### મોરેશિયસના વડાપ્રધાનનું શહેર ભાજપ દ્વારા ભવ્ય સ્વાગતઃ કાર્યક્રમને સફળ બનાવવા બદલ શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓ અને શહેરીજનોનો આભાર વ્યક્ત કરતા કમલેશ મિરાણી

પુષ્પવર્ષા અને ફુલોની પાંખડીથી સ્વાગત તેમજ સમગ્ર રૂટ ઉપર દેશભક્તિના ગીતો, ડી.જે.,બેન્ડની સુરાવલિઓ, આર્કષક ફ્લોટ, હોર્ડીંગ્સ, પાર્ટીના ઝંડા-ઝંડીથી શણગારવામાં આવેલ. ત્યારે આ ભવ્ય કાર્યક્રમમાં સમગ્ર રૂટ ઉપર શહેર ભાજપના વિવિધ સેલના આગેવાનો, વિવિધ મોરચાના હોદેદારો- કાર્યકર્તાઓ તેમજ વિવિધ સમાજના શ્રેષ્ઠીઓ, સામાજીક-સ્વૈચ્છિક સંસ્થાના હોદેદારો-પ્રતિનિધિઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને મોરેશિયસના વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત કરેલ અને સમગ્ર રૂટ પર કેસરીયો માહોલ છવાયેલ.

આ કાર્યક્રમમાં શહેર ભાજપના હોદેદારો, વોર્ડ પ્રભારી,પ્રમુખ, મહામંત્રીઓ, મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ, કોર્પોરેટરો, શિક્ષણ સમિતિના સદસ્યો, તમામ શ્રેણીના કાર્યકર્તાઓ સહીતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.તેમજ આ સ્વાગત તેમજ રોડ-શો કાર્યક્રમને ભવ્યતમ રીતે સફળ બનાવવા બદલ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીએ શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓ અને શહેરીજનોનો જાહેર આભાર વ્યક્ત કર્યો હતો.

## આજે મંગળવારે અંગારકી ચોથનું મહત્વ

તા ૧૯ ને મંગળવારે અંગારકી ચોથ છે. મંગળવારે ત્રીજ તિથિ સાંજે ૪.૩૮ સુધી છે ત્યાર પછી ચોથ તિથિ છે અંગારકી ચોથનું મહત્વ સાંજના સમયે હોવાથી આજે મંગળવારે અંગારકી ચોથ છે

ખાસ કરીને મંગળવાર અને ચોથ તિથિ આવે તેને અંગારકી ચોથ કહેવામાં આવે છે.

આ દિવસે ગણપતિ દાદાનું વ્રત કરવું ઉત્તમ ગણવામાં આવે છે. આ દિવસે આખો દિવસ ઉપવાસ રહેવો. ઉપવાસમાં ફક્ત ફળ, દૂધ , દહીં અને છાસ લઇ શકાય છે. ત્યારબાદ દિવસ આથમ્યા પછી ગણપતિ દાદાનું પૂજન ગણપતિ દાદાને દુર્વા, લાલ ગુલાબની પાંખડી ચડાવી વધારે ઉત્તમ ગણાય છે. પૂજન પૂર્ણ થયા પછીગણપતિ દાદાને ભાખરીનાં ગોળવાળા ૨૧ અથવા ૧૧ લાડુ બનાવી અર્પણ કરવા. ત્યારબાદ આરતી કરી અને ચંદ્રદર્શન કરી પછી ધરાવેલા લાડુ અને દહીં છાસનો પ્રસાદ લઇ શકાય છે. આમ આખો દિવસ વ્રત કરવું .

જે લોકોને જીવનમાં વારંવાર મુસીબત આવતી હોય , જન્મ કુંડળીમાં મંગળ ભારે હોય , મંગળ દોષ હોય , પોતાના રહેવાનું ઘર-મકાન ન હોય તો તેઓએ આ અંગારક ચોથનું વ્રત રહેવું ઉત્તમ ફળ દાયક રહેશે.

ચંદ્રઉદય રાત્રે ૧૦.૦૩ કલાકે શાસ્ત્રી રાજદીપ જોશી



શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)

## રામાણી પરિવારના આંગણે રૂડો આવસરઃ ચિ. હેન્ચુરી સાથે ચિ. મીતના શુભ લગ્ન

### કિશોરભાઈ રામાણીની સુપુત્રી અને પ્રદેશ ભાજપ અગ્રણી ચેતનભાઈ રામાણીની પૌત્રીના શુભ લગ્ન



ચિ. મીત | ચિ.હેન્ચુરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૯

અ.સૌ. હંસાબેન તથા કિશોરભાઈ ભગવાનજીભાઈ રામાણીની સુપુત્રી ચિ. હેન્યુરીના લગ્ન અ.સૌ.નિલ્પાબેન તથા પ્રવિણભાઈ જેરામભાઈ કોયાણીના સુપુત્ર ચિ. મીત સાથે આગામી તા.૨૧ ને ગુરૂવારના શુભ દિવસે નિરધારેલ છે.

શુભ લગ્નોત્સવ નિમિતે શ્રી ખોડલ પાર્ટી પ્લોટ, મવડી-પાળ રોડ પાસે જય વિરબાઇ પેટ્રોલ પંપની સામે તા.૨૧ ગુરૂવારે સવારે ૬:૩૦ કલાકે મંડપ રોપણ, તા.૨૧ ગુરૂવારે બપોરે ૪ કલાકે જાન આગમન તેમજ તા.૨૧ ગુરૂવારે સાંજે ૭ કલાકે હસ્ત મેળાપ.

આ શુભ માંગલિક પ્રસંગે ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ આયુર્વેદિક એન્ડ રીચર્સ હોસ્પિટલ, ધ ઓરીયન્ટલ ઇન્ટરનેશનલ સ્કુલ(પી એન્ડ બી ગ્રુપ), નિલકંઠ ઇન્ડસ્ટ્રીઝ-રાજકોટ, ધનલક્ષ્મી એન્ટરપ્રાઈઝ-શાપર, ભાગ્યોદય સ્ટીલ-શાપર, બ્રધર ઇન્ટીરીયલ-શાપર દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી છે.

લગ્નોત્સવ નિમિતે આમંત્રિતોને આવકારવા રામાણી પરિવાર અને કોયાણી પરિવાર દ્વારા ઉમળકાભેર તૈયારી થઈ રહી છે. (૧૩)

### પૂર્વ ચેરમેન અને ધારાસભ્ય ભીખાભાઇ બાંભણિયાની ટકોર

# રાજકોટ ડેરી દ્વારા દૂધ મંડળીઓને અન્યાય

### ભેળસેળયુકત દૂધ ચકાસવા માટે મંડળીઓને સાધન આપવા, અનામત ભંડોળની રકમ પરત આપવા સહિતના સૂચન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૯

રાજકોટ ડેરી દ્વારા દૂધ મંડળીઓને પૂરતી સુવિધા નહીં આપીને અન્યાય કરવામાં આવી રહ્યાની ટકોર સાથે પૂર્વ ચેરમેન અને ધારાસભ્ય ભીખાભાઇ બાંભણિયાએ કેટલાક સૂચનો કર્યા છે.

રાજકોટ ડેરી તરફથી ભેળસેળવાળું દૂધ મોકલતી મંડળીઓનું દૂધ લેવાનું બંધ કરેલ છે. જે પગલું આવકારદાયક છે પરંતુ મંડળીમાં બધા ગ્રાહકો ભેળસેળવાળું દૂધ ભરાવતા હોતા નથી.

ભેળસેળવાળું દૂધ છે કે કેમ? તેની ચકાસણી કરવાની વ્યવસ્થા મંડળીઓ પાસે હોતી નથી, જેથી કયા ગ્રાહકોનું દૂધ ભેળસેળવાળું છે તે નકકી થઇ શકતું નથી અને પરિણામે મંડળી બંધ થવાથી ખરા અને પ્રમાણિક ગ્રાહકોને અન્યાય થાય છે. દૂધ ચકાસણી કરવાના સાધનો પ્રાપ્ય હોય તો મંડળીઓને ડેરીઓ સબસીડીના ધોરણે આપવાની વ્યસ્થા કરવી જોઇએ.

વધુમાં ડેરીના ચેરમેન ગોરધાનભાઇ ધામેલીયાએ ડેરીએ અંદાજીત ૩૦ કરોડ રૂપિયાનો નફો કર્યાની વાત કરે છે પરંતુ વધારે પડતો નફો થવાનું કરાણ દૂધ ભરતાં ગ્રાહકોને પૂરતા પ્રમાણમાં ખરીદભાવ મળતા નથી. જે હકકીત છે.

ડેરીમાં દૂધ કે દૂધની બનાવટ સિવાયની કોઇ આવક નથી. જે આવક છે તે દૂધની આવક ઉપર નિર્ધારીત છે. વખતો વખત ખરીદભાવમાં ઘટાડો થાય છે. જે અન્યાયકર્તા છે. કેટલો નફો કર્યો તે મહત્વનું નથી. નફામાંથી ફંડો કે ભંડોળના નામે કપાત થવાથી ભાવફેરની રકમ પૂરતા પ્રમાણમાં મળતી નથી.

વિશેષમાં તમામ સાધનો ચેરમેનોને ભગવાન પ્રેરણા કરતો દૂધ મંડળીઓમાં પોતાની અનામત ભંડોળની અબજો રૂપિયાની રકમ બેંકમાં બિનઉપયોગી જમા છે તે રકમ દૂધ ભરતા ગ્રાહકોને પરત આપવા સરકારમાં રજૂઆત કરવી જોઇએ.(સરકારને આ બાબતે કોઇ રકમ આપવાની થતી નથી) દૂધ મંડળીઓમાં અનામત-ભંડોળીની રકમ ૨૫ ટકાને બદલે ૫ ટકાની કપાત કરવાની જોગવાઇ કરવા માટે સરકારને ભલામણ કરવા પ્રયાસ કરે એ જરૂરી છે, તેમ અંતમાં ભીખાભાઇ બાંભણિયાએ જણાવ્યું છે.

# લોધિકા ખાતે આરોગ્ય મેળાનું આયોજન

### સ્ત્રી રોગ, બાળરોગ, જનરલ ઓપીડી વિભાગનાં નિષ્ણાંત ડોકટરો સેવા આપશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૯

રાજકોટ જીલ્લાના લોધિકા ખાતે તાલુકા આરોગ્ય અને વહીવટી વિભાગ દ્વારા આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવેલ છે. તેમ રાજકોટ જીલ્લા અનુ.જાતિ મોરચાના પ્રમુખ મનોજભાઈ રાઠોડએ જણાવ્યું છે.

આરોગ્ય મેળામાં સ્ત્રી રોડ, બાળરોગ, આંખ રોગ, દાંત રોગ, જનરલ ઓપીડી, બી.પી., ડાયાબિટીસની તપાસના નિષ્ણાત ડોકટરો સેવા આપશે.

આરોગ્ય મેળામાં લોધિકા તાલુકાની જનતાએ હેલ્થ આઈ.ડી.કાર્ડ, આધારકાર્ડ, ૪ લાખથી ઓછી આવકનો દાખલો, રેશન કાર્ડ, માં વાત્સલ્ય કાર્ડ સાથેના જરૂરી આધારો સાથે ઉપસ્થિત રહેવા અપીલ કરેલ છે.

લોધિકા તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ કમાણી, મહામંત્રી મોહનભાઈ ખુંટ, દિલીપભાઈ ફૂંગશીયા. જીલ્લા ભાજપ અગ્રણી મુકેશભાઈ તોગડિયા, જીલ્લા પંચાયત સભ્ય અલ્પાબેન મુકેશભાઈ તોગડિયા, મોહનભાઈ દાડા, તા.પં.સભ્ય ગીતાબેન રાઠોડ, ઉપપ્રમુખ કિશોરભાઈ વસોયા, કારોબારી ચેરમેન ઘનશ્યામભાઈ ભુવા, સા.ન્યાય સમિતિ ચેરમેન રેખાબેન પરમાર સહીતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે.(૫)

## કાબુલમાં બે શાળાઓમાં ભયાનક ધડાકા, ૨૫ જેટલા બાળકોનાં મોત થતા સમગ્ર અફઘાનિસ્તાનમાં હાહાકાર

**જામનગરમાં વડાપ્રધાન મોદીને મળવા સર્કીટ હાઉસ પહોંચી ગયા રિલાન્સનાં ચેરમેન મુકેશ અંબાણી અને પુત્ર આકાશ અંબાણી**

### પ્રથમ પુણ્યતિથિ



સ્વ.હિંમતલાલ મણિશંકર પંડ્યા
સ્વ. તા. ૧૯-૦૪-૨૦૨૧

આપની હયાતી અમારી પ્રેરણા હતી.આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા.આપનું સાદગીભર્યુ જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ,લાગણીશીલતા અમો જીવનભર ભૂલશું નહીં.પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

**શ્રદ્ધાંજલિ પાઠવતા**

| | |
|---|---|
| અશ્વિનભાઈ હિંમતલાલ પંડ્યા | ચિરાગ હરેશભાઈ પંડ્યા |
| મહેશભાઈ હિંમતલાલ પંડ્યા | આદિત્ય અશ્વિનભાઈ પંડ્યા |
| હરેશભાઈ હિંમતલાલ પંડ્યા | નિયતિ અશ્વિનભાઈ પંડ્યા |
| આયુષ મહેશભાઈ પંડ્યા | નક્ષ હરેશભાઈ પંડ્યા |

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
-:શ્રદ્ધાંજલિની જાહેર ખબરઃ-
ફિક્સ સાઇઝ (અંદરના પાને)
5 x 2: 200 Rs. +5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426


PACKAGINGHUB
પ્રોડકટ આપકા, સજાવટ હમારી ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

# ઉપલેટામાં બેવડી હત્યાઃ પ્રેમ લગ્ન કરનાર બહેન-બનેવીને જાહેરમાં રહેંસી નાખતો સગોભાઇ

**પોલીસે બંનેના મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડી આરોપી સુનીલને પકડવા શોધખોળ હાથ ધરી**









**બહેન હીનાનું ઘટનાસ્થળે અને બનેવી અનિલનું હોસ્પિટલ પહોંચે એ પહેલા રસ્તામાં મોત નીપજ્યું**


**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** ઉપલેટા.તા.૧૯

ઉપલેટામાં આજે સગાભાઈએ જ છ મહિના પહેલા લગ્ન કરનારી બહેન અને તેના પતિને છરીથી જાહેરમાં રહેંસી નાંખ્યા છે. યુવતીએ ૬ મહિના પહેલાં પ્રેમલગ્ન કરતાં ભાઈએ આ બાબતનો ખાર રાખ્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ, ઉપલેટાની જિગરિયા મસ્જિદ અને સતીમાની ડેરી વચ્ચે ખીરસરા ગામના અનિલ મનસુખભાઈ મહિડા (ઉં.વ.૨૨) અને અરણી ગામની હિના સોમજીભાઈ સિંગરખિયા (ઉં.વ.૧૮)ને હીનાના ભાઈ સુનીલે છરીના આડેધડ ઘા મારી સરાજાહેર પતાવી દીધાં હતાં. ઘટનાની જાણ થતાં જ પોલીસકાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. અનિલ અને હિનાનો મૃતદેહ ઘટનાસ્થળે જોવા મળ્યો હતો. પોલીસે બંનેના મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડી આરોપી સુનીલને પકડવા શોધખોળ હાથ ધરી છે.

હીનાએ અનિલ સાથે પ્રેમલગ્ન કરતા ભાઈ સુનિલને આંખના કણાની જેમ ખટકતું હતું. હીના ખીરસરા ગામે રહેતા અનિલ સાથે છેલ્લા કેટલાક સમયથી પ્રેમમાં હતી. અગાઉ પણ પ્રેમલગ્ન માટે ભાગ્યા હતા. પરંતુ યુવતીની ઉંમર ઘટતી હોવાથી જે-તે વખતે યુવતી તેમના પિતાના ઘરેથી ભાગી જતા પરિવારજનોએ ભાયાવદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. ભાયાવદર પોલીસે યુવક-યુવતીને પકડી પાડ્યા હતા. તે સમયે યુવતીએ ભાયાવદર પોલીસ સ્ટેશન ઝેરી દવા પી લીધી હોવાનુ પણ જાણવા મળ્યું છે. ત્યારબાદ ઉંમર પૂરી ન હોવાના કારણે અનિલ અને હીના પોતાના ઘરે જતા રહ્યા હતા. પરંતુ છ પહેલા હીનાની ઉંમર પૂરી થઈ જતા ઘરેથી અનિલ સાથે ભાગી ગઈ હતી અને તેની સાથે રહેતી હતી. આ દરમિયાન આજે હીનાના ભાઇ સુનિલને પોતાના બહેન-બનેવી ઉપલેટામાં હોવાની માહિતી મળતા તમને શોધતો હતો. સવારે ૧૧ વાગે કુંભારવાડા નાકે મળી જતા એમના બહેન-બનેવી ઉપરાછાપરી છરીના ઘા ઝીંકતા હીનાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે બનેવી અનિલની હાલત ગંભીર હોય તેમને ઉપલેટા કોટેજ હોસ્પિટલ ખાતે લઇ જતા હોસ્પિટલે પહોંચે એ પહેલાં તેમનું મોત થયું હતું. સુનિલે બહેન હીનાને પેટના ભાગે છરી ઝીંકતા ઊંડો ઘા જોવા મળ્યો હતો. તેમજ હાથ, પગ અને નાકના ભાગે પણ એક-એક છરીનો ઘા માર્યાનું જોવા મળે છે. જ્યારે અનિલના છાતીના ભાગે છરીનો ઊંડો ઘા જોવા મળ્યો હતો. તેમજ આંખ અને હાથ-પગના ભાગે છરીના ઘા માર્યાનું જોવા મળ્યું હતું.

આ પ્રમલગ્નનો કરૂણ અંજામ આવ્યો હતો. બનાવની જાણ થતાં ઉપલેટા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અને આરોપીને પકડવાના તપાસ હાથ ધરી છે. જોકે આરોપી સુનિલ હુમલો કર્યા બાદ ભાગી જતા પોલીસ તેમનું પગેરૂ દબાવા ચકો ગતિમાન કર્યા છે. છરીના ઘાથી પોતાની સગી બહેન અને બનેવીને મોતને ઘાટ ઉતારનાર આરોપીના લગ્ન બે વર્ષ પહેલા થયાનું જાણવા મળ્યું છે. તેમજ સુનીલ એમના માતા-પિતાનો એકના એક પુત્ર હોવાનું સામે આવ્યું છે.

# પાર્કીંગ-માર્જીનમાં દબાણો-ગેરકાયદેસર બાંધકામ દૂર કરાયું




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૯

રાજકોટ મહાનગરપાલિકાની વન વીક વન રોડ અંતર્ગત પાર્કીંગ-માર્જીગમાં દબાણો-ગેરકાયદેસર બાંધકામ દૂર કરાયું છે. જેમાં મ્યુનિ. કમિશનર અમીત અરોરાની સુચના અનુસાર તથા ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ. ડી. સાગઠીયાના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેરના જાહેર માર્ગોપર વાહન પાર્કિંગની સમસ્યાને અંતર્ગત કમિશનર દ્વારા રજુ કરાયેલ એકશન પ્લાન અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા આજે વન વીક વન રોડ અંતર્ગત શહેરના વેસ્ટ ઝોન વિસ્તારના ધોળકિયા સ્કૂલ મેઈન રોડ પરના પાર્કિંગ તથા માજીર્નમાં થયેલ દબાણો/ગેરકાયદેસર બાંધકામ દુર કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવેલ છે. કુલ ૬૨૧ ચો.મીટર જગ્યા ખુલ્લી કરવામાં આવી છે.

આ કામગીરીમાં વેસ્ટ ઝોનના ડેપ્યુટી કમિશનર, ટાઉન પ્લાનિંગ ઓફિસર, સીટી એન્જીનીયર, વેસ્ટ ઝોન તેમજ વેસ્ટ ઝોનની ટાઉન પ્લાનિંગ શાખા, બાંધકામ શાખા, દબાણ હટાવ શાખા, રોશની શાખા, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ શાખાના તમામ સ્ટાફ સ્થળ પર હાજર રહેલ તથા આ કામગીરી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સુરક્ષા વિભાગના અધિકારી તથા તેમનો તમામ સ્ટાફ સ્થળ પર હાજર રહ્યા હતા.

### મનપાની ફૂડ શાખા દ્વારા કરાઇ કામગીરી

# ખાદ્ય ચીજોના કુલ ૧૫ નમુનાની સ્થળ પર ચકાસણી કરાઇ



## ચણા દાળ (પ્રિપર્ડ-લુઝ)ના નમુનો લેવાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૯

મહાનગરપાલિકાની વન વીક વન રોડ અંતર્ગત ધોળકિયા સ્કૂલ રોડથી સાધુ વાસવાણી રોડ, યુનિ. રોડ વિસ્તારમાં આવેલ ખાણી-પીણીના ધંધાર્થીઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં કુલ ૧૧ ફુડ બિઝનેસ ઓપરેટરની ચકાસણી કરવામાં આવેલ તેમજ ચકાસણી દરમ્યાન ૩ પેઢીને લાયસન્સ તથા સ્ટોરેજ બાબતે નોટીસ આપેલ.

વન વીક વન રોડ અંતર્ગત ફૂડ વિભાગ દ્વારા આજે શહેરના ધોળકિયા સ્કૂલ રોડથી સાધુ વાસવાણી રોડ, યુનિ. રોડ વિસ્તારમાં આવેલ. બંસી પાન સેન્ટર, શ્રી રામ એજન્સી, હરસિદ્ધિ ડીલક્ષ પાનને લાઇસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ. તથા મયુર ડાઈનિંગ, જૈન ડેરી, ઓમ આઇસક્રીમ, હેલ્થ મેડ ફાર્મસી, ગ્રીન સુપર માર્કેટ, પટેલ ડેરી ફાર્મ, પટેલ પાન, જય અંબે ફરસાણની સ્થળ પર ચકાસણી કરવામાં આવી.

વન વીક વન રોડ અંતર્ગત ધોળકિયા સ્કૂલ રોડથી સાધુ વાસવાણી રોડ, યુનિ. રોડ વિસ્તારમાં ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ મુજબ ૧ નમૂનો લેવામાં આવેલ. ચણા દાળ (પ્રિપર્ડ - લુઝ).

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ વાન સાથે મુંજકા - નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ ના વિસ્તારમાં અવેરનેસ કામગીરી કરવામાં આવેલ તથા ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં કુલ ૯ ફુડ બિઝનેસ ઓપરેટર દ્વારા વેચાણ થતાં મસાલા, ઠંડાપીણાં, શેરડીનો રસ, ઉપયોગમાં લેવાતા ખાધ્ય તેલ વગેરે ખાધ્ય ચીજોના કુલ ૧૫ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

### ભાજપમાં નો-રિપીટ થિયરી નિશ્ચિતઃ શિક્ષિત યુવાનો અને મહિલાઓને ટિકિટમાં અગ્રતા


# પક્ષનાં ધારાસભ્યનાં વિકાસકામોનો દળદાર રીપોર્ટ તૈયાર કરાયો

**વર્ષોથી પાર્ટીમાં પાથરણા ઉપાડી સરકારની યોજનાઓને છેવાડાનાં માનવી સુધી પહોંચાડનાર કાર્યકરોને ટિકિટ આપવા મોવડીઓને જોરદાર રજૂઆત**

**વર્ષોથી હોદ્દા ભોગવતા કે ભોગવી ચુકેલાની આ વખતે બાદબાકી કરવા કાર્યકર ગણમાંથી ઉચ્ચકક્ષાએ ચોખ્ખી ભાષામાં રજુઆતો**



**કાર્યકરોની રજૂઆત સાંભળ્યા પહેલા મોઢું તોડી લેવાતું હોવાની કેટલાક નેતાઓ વિરુધ્ધ નામજોગ રજૂઆત થયાની ભારે ચર્ચાઃ ચૂંટણી લડવા માંગનારાઓ દ્વારા ગત ચૂંટણીમાં ક્યાં બુથમાં કેટલી લીડ મળી તેની વિગતોનો સંપુટ તૈયાર કરાઈ રહ્યાની ચર્ચા**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ જેમ-જેમ નજીક આવી રહી છે તેમ-તેમ ચૂંટણી લડવા માંગનારાઓ અને લડી ચુકેલા નેતાઓ તથા પ્રતિનિધિઓ દ્વારા ફરીથી થનગનાટ શરૂ થયો છે ત્યારે ભાજપમાં આગામી ચૂંટણીઓનાં ઉમેદવારોની પસંદગીમાં નો-રિપીટ થિયરીને જ ચોક્કસપણે લાગુ કરવામાં આવશે તેવું આધારભૂત રીતે જાણવા મળ્યું છે. જેના પગલે અનેકનાં અરમાનો ઠંડા પડી જવાની શક્યતા દેખાઈ રહી છે અને જોમ ભર્યા જોશીલા તથા શિક્ષિત ભાજપ કાર્યકરોને ચૂંટણી જંગ લડવાની તક મળશે તેવું ભાજપનાં સુમાહિતગાર સુત્રોએ વિશ્વાસ ભર્યા અવાજમાં જણાવ્યું છે.

ગુજરાત ભાજપમાં તળીયેથી ટોચ સુધી એવી ચર્ચા થતી સંભળાઈ છે કે, આગામી ચૂંટણીઓને લાગે વળગે છે ત્યાં સુધી ભાજપનાં મોવડીઓ નો-રિપીટ થિયરીને અમલમાં મુકે એ નિશ્ચિત બન્યું છે. શિક્ષિત યુવાનો અને મહિલાઓને મોટાપાયે ટિકિટ આપીને ભાજપ ચૂંટણી જંગ ખેલવા માટે સજ્જ બન્યો છે તેવું જાણવા મળ્યું છે. આ દિશામાં પાયાની કામગીરી અને પક્ષનાં લોક પ્રતિનિધિઓની કાર્યવાહીનાં લેખાજોખા કરવાનું પણ આરંભી દેવાયું હોવાનું જાણવા મળ્યું છે. કેમકે પક્ષનાં મોવડીઓએ પક્ષનાં તમામ વર્તમાન ધારાસભ્યોને પણ સ્પષ્ટ સંદેશો આપી દીધો છે કે, પોતપોતાના મત વિસ્તારોમાં કરાવેલા વિકાસ કામોનો રીપોર્ટ તૈયાર કરી લેવાનો છે અને પક્ષનાં મોવડીઓને મોકલી આપવાનો છે. મોવડીઓનાં સંદેશાને કારણે પક્ષનાં તમામ ધારાસભ્યો કામે લાગી ગયા છે અને પૂરતા કામો કરી ન શકનારાઓને મનમાં ફડક બેસી ગઈ હોય એ સ્વાભાવિક છે.

જાણવા મળ્યું છે કે, પક્ષનાં મોવડીઓ અદના કાર્યકરની રજૂઆતને પણ ગંભીરતાથી કાને ધરી રહ્યા છે. કાર્યકરોની ગંભીર ફરિયાદોને લક્ષમાં

(અનુ.પાના નં.૪ ઉપર)

# 'ખાસ બ્રાન્ચ'માં બુરી નજરવાલે કા મૂંહ કાલા!?

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૯

ખાસ બ્રાન્ચના સાહેબને ભાવતા ભોજનીયા પીરસવા માટે ટકોરા બંધ કર્મીઓની શોધ માટે જુદા-જુદા વિભાગોમાં નજર કરતા પાંચ ટકોરા બંધ કર્મીઓની પસંદગી કરાતા પાંચેય કરાયેલ કર્મીઓને કામગીરીથી છેટા રાખ્યા હોવાની વાતને લઈને ચર્ચાએ જોર પકડ્યું છે.

એક એવી ચર્ચાઓ થઈ રહી છે મીઠી મધુરવાણીથી જાણીતા એક સાહેબની ભલામણથી 'ખાસ બ્રાન્ચ'માં બે કર્મીઓની નિમણુંક કરાઈ છે. 'ખાસ બનાવમાં કાળા હાથ કરી નાખ્યાની જાણ થતા ભલામણ કરેલ સાહેબ શરમજનક સ્થિતિમાં મુકાઈ ગયાની ચર્ચાએ જોર પકડ્યું છે.

'ખાસ શાખા'માં ભલામણથી પધારેલા બે કર્મીઓમાંથી એક કર્મીએ કાળા હાથ કરી નાખતા હજી એક

## પાંચમાંથી બે ને સજા મુકિતની ભલામણ કરતા એક કર્મીએ કાળા હાથ કરતા ભલામણ કરનાર સાહેબનું મોઢુ પડી ગયાની ભારે ચર્ચા

રાજીના રેડ થઈ ગયા હતા. ખાસ બ્રાન્ચમાં કામગીરી કરવાની તક મળે તો કોને ન ગમે? આવી આશા સાથે પાંચ કર્મીઓ શુભ મુહૂર્તે ઓફિસમાં પ્રવેશતા સાહેબએ હાય હેલ્લો કરી એ.સી. ચેમ્બરમાં બેસી રહેવાનું કહેવામાં આવ્યું. આજે નહીં તો કાલે સાહેબ કામગીરી સોપશે તેવી આશાથી કર્મીઓ રાહ જોઇને બેઠા હતા પણ 'ખાસ કામગીરી' નહીં સોપાતા મનમાં અનેક વિચારો આવતા પણ સાહેબને કહેવાની પહેલ કોણ કરે? ચર્ચાના ચકડોળે ચેડેલી 'ખાસ બ્રાન્ચ' ફરી ચકડોળે ચડે તો? આ વાતને લઈને 'ખાસ બ્રાન્ચ'ના સાહેબ પસંદગી બ્રાન્ચ'માં સવારથી સાંજ સુધી બેસી રહેવામાંથી મુક્તિ આપવા સાહેબને ભલામણ કરાતા 'ખાસ બ્રાન્ચ'ના સાહેબએ જે-તે ટીમમાં કામગીરી સોપાતા એક કર્મીએ બનેલ એક કર્મીને 'ખાસ બ્રાન્ચ'માં કામગીરી કરવાની તક મળશે કે પછી આગામી દિવસોમાં હળવેથી સ્ટેશનમાં બેસાડી દેવામાં આવશે? ભારે ચર્ચાએ જોર પકડ્યું છે.






# રાજકોટવાસીઓ સાવધાનઃ ફળિયા ધોશો તો રૂ. ૨૫૦ અને પાણી ચોરશો તો ૨૦૦૦નો દંડ

## ૯ ટકા પાણીલોસ ઘટાડીને ૫ ટકા સુધી લાવવા લક્ષ્યાંકઃ ભૂતિયા નળ કનેક્શનધારકો સામે પોલીસ કેસ સુધી કાર્યવાહી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ.તા.૧૯

રાજકોટના આજી અને ન્યારી ડેમ સૌની યોજના હેઠળ ચોમાસાની જેમ ભરેલા છે. આગામી વરસાદ સુધીનું પાણી રાજ્ય સરકારે ઠાલવી દીધું છે. રાજકોટને રોજ પાણી વિતરણ માટે ચિંતાની કોઇ જરૂર નથી પરંતુ ઉપલબ્ધ જળજથ્થો બચાવવાની જરૂર અને જવાબદારી સમજીને કમિશનર અમિત અરોરાએ તમામ વોર્ડમાં પાણીચોરી સામેનું ચેકિંગ શરૂ કરાવ્યું છે. તેના ભાગરૂપે દરેક વોર્ડમાં એક એક ટીમ લીડરની આગેવાનીમાં ૭-૭ અધિકારીને ફિલ્ડમાં ઉતાર્યા છે. કુલ ૧૨૩ અધિકારી અને કર્મચારીને પાણીચોરી અને બગાડ રોકવા જવાબદારી આપીને ત્રણે ઝોનના આસિસ્ટન્ટ કમિશનરને કામગીરીના ઇન્ચાર્જ પણ બનાવવામાં આવ્યા છે. ફળિયા ધોતા નજરે પડશો તો ૨૫૦ અને પાણીચોરી કરતા ઝડપાશો તો ૨૦૦૦નો દંડ ફટકારશે.

મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ કરેલા હુકમમાં જણાવ્યું છે કે, શહેરના જળસ્ત્રોતોમાં પાણી પુરવઠાની ઉપલબ્ધિ મર્યાદિત પ્રમાણમાં છે. આથી ભૂતિયા કનેકશન, ડાયરેક્ટ પમ્પિંગથી પાણીચોરી અટકાવવી અનિવાર્ય છે. આ માટે તમામ ૧૮ વોર્ડમાં ઘરે ઘરે સઘન ચેકિંગ ઝુંબેશ કરવામાં આવશે. ત્રણેય ઝોનમાં ૧૨૩ જેટલા અધિકારીઓએ ત્રણ આસિસ્ટન્ટ કમિશનરને દૈનિક રિપોર્ટિંગ કરવાનું છે. જેમાં વેસ્ટ ઝોનમાં એસ.જે. ધડુક, સેન્ટ્રલમાં એચ.આર.પટેલ અને ઇસ્ટમાં વી.એસ. પ્રજાપતિનો સમાવેશ થાય છે. ૧૮ વોર્ડમાં વોર્ડ એન્જિનિયર, આસિસ્ટન્ટ મેનેજર, એટીપી, વોર્ડ ઓફિસર, અધિક મદદનીશ ઇજનેર, વર્ક આસિસ્ટન્ટ અને એસઆઇને ટીમમાં લેવામાં આવ્યા છે.

**૧૮ વોર્ડમાં ઘરે ઘરે સઘન ચેકિંગ ઝુંબેશ શરૂ થશેઃ પાણીચોરી કરનારે ૪ દિવસમાં દંડ ભરવાનો રહેશેઃ ભૂતિયા કનેક્શનમાં બીજીવાર પકડાશો તો રૂ.૫ હજારનો દંડ**



દરેક ટીમમાં વોર્ડ એન્જિનિયર પાણીચોરી પકડવાની ટીમના લીડર રહેશે. આ વ્યવસ્થા સાથેનું ચેકિંગ શરૂ પણ કરી દેવામાં આવ્યું છે. હુકમમાં પાણીચોરી કરનારા સામે કડક પગલાની સૂચના અપાઇ છે. ડાયરેકટ પમ્પિંગના કેસમાં આસામીઓની મોટર જપ્ત કરીને રૂ.૨ હજાર દંડ લેવાશે. ચાર દિવસમાં દંડ ન ભરે તો નળ કનેક્શન કપાશે. કોઇપણ આસામી બીજી વખત ડાયરેક્ટ પમ્પિંગ કરતા પકડાઇ તો જપ્ત કરાયેલી ઇલેક્ટ્રિક મોટર પરત નહીં અપાય અને આવા આસામીઓનું નળ કનેકશન કાપી નાખવામાં આવશે. સાથોસાથ ભૂતિયા નળ ફરજિયાત રેગ્યુલર કરાવવાના રહેશે.

## પાણી બચાવવા એક્શન પ્લાનઃ ૧૮ વોર્ડમાં ૧૨૩ અધિકારીને ફિલ્ડમાં ઉતાર્યા

બીજી વખત પકડાયેલા ગેરકાયદે નળ કનેક્શનના કિસ્સામાં રૂ. ૫ હજારનો વહીવટી ચાર્જ વસુલી આસામી સામે પબ્લિક પ્રોપર્ટી ડેમેજ અને પાણીચોરી અંગે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવશે. સાથોસાથ દુષિત પાણીની ફરિયાદ દૂર થાય તે માટે ટીમે ક્લોરોસ્કોપ સાથે રાખી ગુણવત્તાની ચકાસણી સમાંતર કરવાની રહેશે. રાજકોટમાં ફળિયા ધોવા, વાહન સાફ કરવા કે ઉનાળામાં શેરીઓમાં પણ પાઇપ વડે પાણીનો બગાડ ઘણા આસામીઓ કરતા રહે છે. આવા આસામીઓને સ્થળ પર જ રૂ.૨૫૦નો દંડ કરવામાં આવશે. જો બીજી વખત એક ને એક આસામી પાણીનો બગાડ કરતા માલુમ પડશે તો આવા આસામીનું નળ કનેક્શન કાપવાનો હુકમ પણ કરવામાં આવ્યો છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.